**આજનો સુવિચાર**

સંબંધમાં જ્યાં બુદ્ધિનું
શાસન ચાલે છે
ત્યાં સંબંધ હારે છે
અને જ્યાં હૃદયનું શાસન
ચાલે છે
ત્યાં સંબંધ જીતે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૨૬ જૂનાગઢ તા.૧૫-૫-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 126, Junagadh : Date : 15 May, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# કૌન બનેગા કર્ણાટક કા મુખ્યમંત્રી ? નિર્ણય હાઈકમાન્ડ પર છોડાયો

## સિધ્ધરમૈયા અને ડી. કે. શીવકુમાર મુખ્યમંત્રી પદનાં દાવેદાર : નિરીક્ષકોએ કોંગ્રેસ વિધાનસભા પક્ષની બેઠકમાં તમામ ધારાસભ્યોનો મત જાણી હાઈકમાન્ડને અહેવાલ સુપ્રત કર્યો

બેંગ્લોર તા. ૧૫

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય જીત મેળવ્યા બાદ કોંગ્રેસ પક્ષ દ્વારા સરકાર રચવાની કવાયત શરૂ થઈ ગઈ છે અને આગામી ગુરૂવાર સુધીમાં કર્ણાટકમાં કોંગ્રેસની નવી સરકારની શપથવિધિ થઈ જશે તેવું કોંગ્રેસ પક્ષનાં સુત્રોએ જણાવેલ છે. બીજી તરફ કર્ણાટકનાં મુખ્યમંત્રીપદનો તાજ કોના શીરેજશે તે અંગે સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી છે. મુખ્યમંત્રી પદ માટે ડી. કે. શીવકુમાર અને સિધ્ધારમૈયા બે દાવેદારો છે જેમાંથી કોંગ્રેસ હાઈકમાન્ડ કોની પસંદગી કરશે તે અંગે મંથન ચાલી રહયું છે. કોંગ્રેસ પક્ષનાં નિરીક્ષકોએ જણાવ્યું છે કે, આવતીકાલ સવાર સુધીમાં આ અંગેનો નિર્ણય લેવાઈ જશે. મુખ્યમંત્રી પદનાં દાવેદાર શીવકુમારે જણાવ્યું છે કે સિધ્ધારમૈયા સાથે તેમને કોઈ મતભેદ નથી પરંતુ સુત્રોનાં જણાવ્યા મુજબ કોંગ્રેસ હાઈકમાન્ડ ઉપરોક્ત બંને નેતાઓને સાચવી લેવા ૨+૩ની ફોર્મ્યુલા અપનાવશે તેવી ચર્ચા છે. કર્ણાટકમાં કોંગ્રેસ વિધાનસભા પક્ષની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે મુખ્યમંત્રીની પસંદગી કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે કરશે. આ બેઠક ગતરાત્રે બેંગલુરુના શાંગરી-લામાં મળી હતી. આ દરમિયાન નિરીક્ષકો સુશીલ કુમાર શિંદે, દીપક બાબરિયા અને ભંવર જિતેન્દ્ર સિંહે ધારાસભ્યો સાથે વન ટુ વન વાતચીત પણ કરી હતી. ખડગે, ડીકે શિવકુમાર અને સિદ્ધારમૈયા બેઠકમાં હાજર હતા. નિરીક્ષકો ઉપરાંત મલ્લિકાર્જુન ખડગે પણ દિલ્હી જવા રવાના થશે. સૂત્રોના જણાવ્યા અનુસાર સિદ્ધારમૈયા હાઈકમાન્ડને પણ મળી શકે છે. ડીકે શિવકુમાર સોમવારે શાંગરી-લા ખાતે ધારાસભ્યોને મળ્યા હતા. આ પછી મીડિયાએ તેમને દિલ્હી જવા અંગે સવાલ કર્યા હતા. જેમાં શિવકુમારે જવાબ આપ્યો- દિલ્હી જવા અંગે હજુ કોઈ નિર્ણય લીધો નથી. નિર્ણય હાઈકમાન્ડ પર છોડવામાં આવ્યો છે. મને જે કામ સોંપવામાં આવ્યું હતું તે મેં પુર્ણ કર્યું છે. શિવકુમાર અને સિદ્ધારમૈયાના સમર્થકોએ વિધાનસભા પક્ષની બેઠક દરમિયાન હોટલની બહાર સૂત્રોચ્ચાર કર્યા હતા. સમર્થકો તેમના નેતાઓને મુખ્યમંત્રી બનાવવાની માંગ કરી રહ્યા હતા. બેઠકમાં સિદ્ધારમૈયાએ પ્રસ્તાવ મૂક્યો હતો કે મુખ્યમંત્રીની પસંદગી ખડગેએ જ કરવી જોઈએ. ડીકે સહિત બાકી તમામ ધારાસભ્યોએ આ પ્રસ્તાવને ટેકો આપ્યો હતો.

## મણિપુરમાં ફરીવાર હિંસા ફાટી નીકળી મુખ્યમંત્રી દિલ્હી દોડી આવ્યા

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૫

મણિપુરમાં હિંસાની આગ હજુ પૂરી રીતે ઓલવાઈ નથી. શનિવારે રાત્રે પણ વિષ્ણુપુર અને ચુરાચંદપુર વિસ્તારમાં લગભગ અડધો ડઝન ઘરોને આગ ચાંપવામાં આવી હતી. જોકે આ ઘટનાઓમાં કોઈના મોતની માહિતી નથી. ટોરબાંગ વિસ્તારમાં મધ્યરાત્રિના સમયે કેટલાક તોફાનીઓએ ઘરોને આગ ચાંપી દીધી હતી. રાજયનાં કાંગપોકપી જિલ્લાના સપમેના પોલીસ સ્ટેશન નજીક એક ટ્રકને પણ સળગાવી દેવામાં આવી. મણિપુરમાં ૩ મેથી હિંસા ચાલી રહી છે. એસટીની યાદીમાં મીતેઈ સમુદાયના સમાવેશને લઈને ભારે હોબાળો થયો છે. આ હિંસામાં અત્યાર સુધીમાં ૭૩ લોકોના મોતની પુષ્ટિ થઈ છે અને ૨૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. બદમાશોના હુમલામાં આસામ રાઈફલ્સનો એક જવાન પણ ઘાયલ થયો હતો. મણિપુરની સ્થિતિ જોઈને મુખ્યમંત્રી એન.બિરેન સિંહ રવિવારે દિલ્હી જવા રવાના થયા. તેમની સાથે ચાર કેબિનેટ મંત્રીઓ પણ છે. જણાવવામાં આવી રહ્યું છે કે ત્રણ દિવસની હિંસા બાદ રાજયમાં જનજીવન ઠપ્પ થઈ ગયું છે. મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓ શા માટે દિલ્હી જઈ રહ્યા છે તે ભાજપ તરફથી કહેવામાં આવ્યું નથી.

## ડોકટરો માટે દર પાંચ વર્ષે લાયસન્સ રીન્યુ કરવાનું ફરજીયાત બનાવાયું

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા.૧૫

કેન્દ્ર સરકાર દ્વારા હવે દેશભરનાં તબીબો માટે દર પાંચ વર્ષે લાયસન્સ રીન્યુ કરવાનું ફરજીયાત બનાવવામાં આવ્યુ છે.

તબીબીજગતમાં આ પગલાનાં મીશ્ર પ્રત્યાઘાતો પડયા છે. કેન્દ્ર સરકારે ઈસ્યુ કરેલા નોટીફીકેશન પ્રમાણે ઈન્ડીયન મેડીકલ રજીસ્ટર અથવા સ્ટેટ મેડીકલ રજીસ્ટરમાં નોંધાયા હોવા છતાં રજીસ્ટ્રેશન ઓફ મેડીકલ પ્રેકટીશનર્સ એન્ડ લાયસન્સ ટુ મેડીસન રેગ્યુલેશન ૧૦૨૩ ની જોગવાઈ અંતર્ગત રજીસ્ટ્રેશન નંબર નહિ ધરાવતા તબીબોએ ત્રણ મહિનામાં એથિકલ એન્ડ મેડીકલ રજીસ્ટ્રેશન બોર્ડનાં વેબપોર્ટલમાં નોંધણી અપગ્રેડેશન ફરજીયાત છે. એક વખતની પ્રક્રિયા અંતર્ગત રજીસ્ટ્રેશન નંબર મેળવવો પડશે અને આ લાયસન્સ પાંચ વર્ષ સુધી માન્ય રહેશે.

નોટીફીકેશનમાં જણાવાયા પ્રમાણે મેડીકલ પ્રેકટીશનર્સ લાયસન્સ અપડેટ કરવાની પ્રક્રિયામાં કોઈ ફી ચુકવવાની રહેતી નથી. સરકારના આ પગલાના તબીબી જગતમાં મીશ્ર પ્રત્યાઘાતો પડયા છે.

એક વર્ગનું એવુ માનવુ છે કે આ કારણથી દેશભરમાં પ્રેકટીસ કરતા તબીબોની માહીતી ઉપલબ્ધ થશે જયારે બીજો વર્ગ ઝંઝટ વધવાનો મત દર્શાવે છે.

વિવાદાસ્પદ ઈન્સ્ટ્રાગ્રામ પોસ્ટને પગલે

## મહારાષ્ટ્રનાં અકોલામાં હિંસા ફાટી નીકળી : એક વ્યકિતનું મોત : ઈન્ટરનેટ બંધ : કલમ ૧૪૪ લાગુ

અકોલા તા. ૧૫

મહારાષ્ટ્રના અકોલામાં સોશિયલ મીડિયા પર વાંધાજનક પોસ્ટને લઈને ફાટી નીકળેલી હિંસાના સંબંધમાં અત્યાર સુધીમાં ૪૫ લોકોની ધરપકડ કરવામાંઆવી છે. એટલું જ નહીં ઈન્ટરનેટ પરનો પ્રતિબંધ પણ યથાવત રાખવામાં આવ્યો છે. અકોલામાં યુનિવર્સિટીની પરીક્ષાઓ મુલતવી રાખવામાંઆવી છે.

મહારાષ્ટ્રના અકોલામાં શનિવારે એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટને લઈને બે સમુદાયો વચ્ચે અથડામણ થઈ હતી. આ પછી ભારે પથ્થરમારો થયો હતો. આ દરમિયાન તોફાનીઓએ અનેક વાહનોની તોડફોડ કરી હતી. હિંસા દરમિયાન એક વ્યક્તિનું મોત થયું હતું. જયારે બે પોલીસકર્મીઓ સહિત ૮ લોકો ઘાયલ થયા છે. ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં મોટી સંખ્યામાં પોલીસ દળોને તૈનાત કરીને કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી હતી.

## સ્ટેટ મોનીટરીંગ સેલનો સપાટો : બગોદરા - બાવળા પાસેથી રૂા.૬૨.૬૧ લાખનો દારૂ ઝડપી લીધો

રાજકોટ, તા.૧૫

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં દારૂની ઘૂસણખોરી થતી અટકાવવા માટે સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા રાઉન્ડ ધ ક્લોક કાર્યવાહી કરવામાં આવી રહી છે જેના કારણે મોટાપાયે દારૂ મંગાવતાં બૂટલેગરોમાં ભારે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. સ્ટેટ મોનિટરિંગ સેલના બાતમીદારોનું નેટવર્ક અત્યંત સ્ટ્રોંગ હોવાને કારણે અન્ય રાજ્યમાંથી દારૂ ભરાઈને ટ્રક નીકળે અને સૌરાષ્ટ્ર-ગુજરાતમાં તેના મુળ સ્થાને પહોંચે તે પહેલાં જ પકડાઈ રહ્યો છે.

આવા જ બે સફળ અને મોટા દરોડા બગોદરા અને બાવળા પાસે પાડીને રૂા.૬૨.૩૧ લાખની કિંમતનો ૧૯૧૭૮ બોટલ દારૂ પકડી પાડ્યો છે.

પ્રાથમિક જાણકારી મુજબ બગોદરા પાસેથી પકડાયેલો દારૂ હરિયાણાથી રાજકોટ આવી રહ્યો હતો જ્યારે બાવળા પાસેથી પકડાયેલો દારૂ થાન પહોંચાડવાનો હોવાનું ખુલ્યું છે.

## કર્ણાટકમાં ભાજપની હારની અસર રાજયસભામાં પણ દેખાશે

નવી દિલ્હી તા. ૧૫ :

કર્ણાટકમાં ભાજપે સંપૂર્ણ તાકાત લગાવી દીધી હતી પરંતુ કોંગ્રેસે જંગી જીત હાંસલ કરી છે. હવે કર્ણાટકમાં થયેલી હારની અસર રાજયસભામાં પણ ભાજપને જોવા મળશે. જો કે ગયા વર્ષે કર્ણાટકમાં રાજયસભાની ૪ બેઠકો પર યોજાયેલી ચૂંટણીમાં ભાજપને ૩ બેઠકો મળી હતી. કર્ણાટકમાં રાજયસભાની ૧૨ બેઠકો છે. ભવિષ્યમાં જયારે આ બેઠકો ખાલી થશે ત્યારે ભાજપને સંખ્યાના જોરે પરિણામ ભોગવવું પડી શકે છે. હાલમાં રાજયસભામાં ભાજપ પાસે ૯૨ બેઠકો છે જયારે કોંગ્રેસ પાસે માત્ર ૩૧ બેઠકો છે. તૃણમૂલ કોંગ્રેસ પાસે ૧૩, આમ આદમી પાર્ટી અને ડીએમકે પાસે ૧૦-૧૦ બેઠકો છે. કર્ણાટકમાંથી ઉપલા ગૃહના ચાર સભ્યો આવતા વર્ષે નિવૃત્ત થવાના છે, આ સ્થિતિમાં કોંગ્રેસને ફરીથી ત્રણ બેઠકો મળશે. આગામી ત્રણ વર્ષમાં ભાજપની સ્થિતિ પણ રાજયની ૧૨માંથી ૭ સીટો પર પહોંચી જશે.


**લેવા-વેચવા**

લોકેશન વાડી ભાવમાં મિલ્કતો, ફ્લેટ, ડુપ્લેક્ષ, જમીન, દુકાન, બંગલા વગેરે તાત્કાલીક લેવા-વેચવા માટે સંપર્ક કરો

મયંક એસ્ટેટ બ્રોકર
રસિકભાઈ પટેલ
મો. ૯૫૮૬૩ ૪૧૦૨૧
૯૪૨૭૩ ૭૭૯૧૭












**ADMISSION OPEN**

ભણતર સાથે ગણતરના પાઠ - તો નકકી શાળા ... જ હશે...

**શ્રી કૃષ્ણ વિદ્યા મંદીર**


- ધો. ૧ થી ૧૨ (ગુજરાતી માધ્યમ)
- પ્લે હાઉસ, L.K.G., H.K.G. (અંગ્રેજી / ગુજરાતી માધ્યમ)

**જોઈએ છે**

P.T.C., B.Ed. લાયકાત ધરાવતા શિક્ષિકા ઉમેદવારોએ સવારના ૧૦ થી ૧૨ કલાક વચ્ચે જરૂરી ડોકયુમેન્ટસ સાથે રૂબરૂ મળવું

પ્રમુખનગર, દીપાંજલી, ટીંબાવાડી, જૂનાગઢ
મો. ૯૪૨૮૩ ૭૮૦૭૦

સંચાલક : વાઢેર સાહેબ - (નિવૃત, મુરલીધર હાઈસ્કુલ)
શોભના મેડમ : (નિવૃત, કાંબલીયા વિદ્યાલય)
દક્ષા મેડમ : (પ્રિન્સીપાલ)
Email : kvm_05@yahoo.com






# જૂનાગઢ જિલ્લાના ચુડા સ્વામિનારાયણ મંદિરના પૂજારીનો વિજ્ઞાન જાથાએ પર્દાફાશ કર્યો

**વૃદ્ધા ઉપર ખોટો આરોપ મૂકનાર પૂજારીનો વિજ્ઞાન જાથાએ ભાંડાફોડ કર્યો : મુખ્ય સૂત્રધાર પૂજારી દેવશી ડાયાભાઈએ ભૂલ કબૂલી માફી માંગી લીધી : મંદિરમાં જોરઝપટ દૂર કરવાનું કામ કાયમી બંધ કરાવતું જાથા**





(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૫

જૂનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકાના ચુડા ગામના વૃદ્ધા ઉપર ખોટો આરોપ મૂકનાર ગામના સ્વામિનારાયણ મંદિરના પૂજારી દેવશી ડાયાભાઈ વોરાનો ભારત જનવિજ્ઞાન જાથાની ટીમે ભેંસાણ પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૧૭મો સફળ પર્દાફાશ કર્યો હતો. પૂજારી દેવશીભાઈએ મંદિરમાં કાયમી જોરઝપટ, ખોટો આરોપ મૂકવાની પ્રવૃત્તિ બંધ કરવાની કબૂલાત સાથે માફી માંગી લીધી હતી. વૃદ્ધા નિર્દોષ હોવાની જાહેરાત કરી દીધી હતી. બનાવની વિગત પ્રમાણે ચુડા ગામથી સંજય વિઠ્ઠલભાઈ વાવલીયા, નિકુંજભાઈ સહિત ચાર વ્યક્તિઓ આવી રૂબરૂ માહિતી આપી. તેમાં વૃદ્ધ માતા રંભાબેન ઉપર ગામની પરણીત યુવતી અને ગામના સ્વામિનારાયણ મંદિરના પૂજારી દેવશી વોરાની મિલીભગતથી ડાકણનો ખોટો આરોપ મૂકવામાં આવ્યો, સાથે ગામમાં અમારો પરિવાર બહિષ્કાર થાય તેવું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું અને માતાને જીવવું દોહલું બની જતાં આ સમગ્ર મામલાને ધ્યાને રાખી જાથા નિષ્પક્ષ તપાસ કરી સત્યને ઉજાગર કરવાની વાતચીત કરવામાં આવી હતી. ગામની પરણીતા હાલ સુરત હોય તેવું વાતચીતમાં જણાવવામાં આવ્યું હતું. પરણીતા યુવતીનો બંનેપક્ષના પરિવારો અમારા ઘરે આવી જે કંઈ કર્યું હોય તે દૂર કરવા સાથે ધાક-ધમકી આપી હતી. ખોટા આરોપ સાથે ડાકણ શબ્દ પ્રયોગ દૂર કરવા સંબંધી માહિતી આપવામાં આવી હતી. જાથાના ચેરમેન - એડવોકેટ જયંત પંડયાએ ગામમાં ખરાઈ કરવા કાર્યકરોને મોકલતા બનાવ સત્ય સાબિત થયો હતો, તેથી સૌપ્રથમ સુરત પાંડેસરા પોલીસ સ્ટેશનની હદમાં રહેતી પરણીતા યુવતિ સહિત ઘરના સદસ્યોને કાયદામાં પ્રતિબંધ, ગુન્હો બનતો હોય તેવી માહિતી આપતા ભૂલ કબુલી માફી સાથે કબૂલાતનામું આપી દીધું હતું. જાથાની કામગીરીની મીડિયા જગતે વિશેષ નોંધ લીધી હતી. ગામની વૃદ્ધા ઉપર ખોટું આળ, આરોપ નીકળી ગયો હતો. સુરતમાં જાથાની કાર્યવાહીની ખબર પડતાં પૂજારી દેવશી વોરાએ જોરઝપટ કાઢવાનું બંધ કરી દીધું હતું. ગામમાં વિજ્ઞાનજાથા આવે છે કે નહીં તેની સતત સાવચેતી રાખતા હતા. મંદિરમાં બીમાર વ્યક્તિઓ, બીમાર પ્રાણીઓ માટે લોકો જાતે ધૂપ લેવા લાગ્યા હતા. પૂજારી સાવચેતી રાખતા હતા. જાથાએ કામચલાઉ ભ્રમ ઊભો કરી ચુડા આવશે નહીં તેવી વાતચીત મૂકી દીધી. પૂજારી દેવશીભાઈના વધુ પુરાવા મળી જતાં પર્દાફાશ કરવાનું નક્કી થયું. જાથાના ચેરમેન પંડયાએ ગાંધીનગર ઉચ્ચ અધિકારીઓ સહિત જુનાગઢ એસ.પી.ને પત્ર મોકલી પૂજારીના પર્દાફાશ માટે ભેંસાણ પોલીસ સ્ટેશનના સ્ટાફની માંગણી કરવામાં આવી, જેથી એસ.પી., ડી.વાય.એસ.પી.એ ભેંસાણના પી.એસ.આઈ.ને જરૂરી સૂચના મોકલી તકેદારી રાખવાની જાણ કરી દીધી. જાથાએ ભેંસાણ પોલીસ સ્ટેશનના ચાર્જના પી.એસ.આઈ. આર. પી. ચુડાસમા સાથે વાતચીત કરી લીધી. રાજકોટથી જાથાના ચેરમેન જયંત પંડયાના વડપણ હેઠળ અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, કૌશિક મકવાણા, મીનેશભાઈ જીવાણી, જેતપુરના રમેશ પરમાર, સંજય જાદવ સહિત કાર્યકરો ભેંસાણ પોલીસ સ્ટેશને પહોંચ્યા ત્યારે પી.એસ.ઓ. રમેશભાઈ અખેર, બંદોબસ્તના સંજયભાઈ નાનુભાઈ વાણીયા, હેડ કોન્સટે. મોહસીનભાઈ સલીમભાઈ, માનસિંગભાઈ રામભાઈ, સ્ટાફ હજાર હતો. ચુડા ગામમાં જવા માટે પોલીસ જીપ, જાથાનું વાહન, પીડિત પરિવારનું વાહન સાથે પૂજારી દેવશીભાઈના ઘરે પહોંચ્યા. તેમના પુત્ર જયરાજભાઈ હાજર હતા. સાત પેઢીથી સ્વામિનારાયણ મંદિરમાં સેવા-પૂજા કરીએ છીએ, મારા પિતા ૨૦ વર્ષથી વધુ પૂજારી તરીકે સેવા આપે છે. સાળંગપુરના હનુમાનજી પછી આ જગ્યાના હનુમાનજી પાસે લોકો ધૂપ લેવા આવે છે. વૃદ્ધા ઉપર ખોટો આરોપ પિતા દેવશીભાઈએ મૂક્યો છે તે કાયદામાં ગુન્હો બને છે તે સંબંધી વાત કરવામાં આવી. જુનાગઢ સ્વામિનારાયણ મંદિરે ગયા છે, આવશે એટલે તુરંત પોલીસ સ્ટેશને આવશે તેવી બાહેંધરી આપી. પરણીત યુવતી ધૂણીને વૃદ્ધાનું નામ લીધું છે તેમાં સૂત્રધારની ભૂમિકા સંબંધી જાથાએ વાત મૂકી દીધી હતી. ચુડા આખા ગામમાં જાથાના સમાચાર મળતા લોકો ભેગા થવા લાગ્યા. પોલીસ સ્ટાફ સહિત પીડિત પરિવારના ઘરે જઈ સાંત્વના આપી. પોલીસે સતર્કતા રાખી હતી. પૂજારી દેવશીભાઈએ જુનાગઢ મંદિરના દર્શન કોરાણે મૂકી રાજકીય આગેવાનોની મદદ મેળવવા પ્રયત્નો કર્યા, જાથાની ખબર પડતાં અમૂકે મોબાઈલ રિસીવ ન કર્યા. પોલીસ સ્ટેશનમાં હાજર થવામાં પાંચ કલાક બધાને પ્રતિક્ષા કરાવી ત્યારબાદ રાજકીય આગેવાનો સાથે પૂજારી હાજર થયા. પોલીસે કાયદાની ભાષા વાપરવી પડી હતી. જાથાના ચેરમેન પંડયાએ વિનમ્રતાથી રાજકીય આગેવાનો સાથે પરામર્શ કર્યા. જાથા પુરાવા સાથે કામ કરે છે. સૌએ સ્વીકાર કર્યો હતો. સમાચારપત્રો માધ્યમો ન આવે તે સંબંધી વાત મુકિ હતી પરંતુ જાથાએ ઈન્કાર કર્યો હતો. કબૂલાતનામાં હું દેવશીભાઈ ડાયાભાઈ વોરા (ઉ.વ.૫૮) રહેવાસી ચુડા સ્વામિનારાયણ મંદિરમાં સેવા-પૂજા કરૂ છું, રંભાબેન પ્રકરણમાં મારી ભૂલ કબૂલુ છું, કાયમી જોરઝપટ, ખોટા નામ આપવાની પ્રવૃત્તિ બંધની જાહેરાત કરૂં છું. હાથમાં બોર્ડ લઈને એકરાર કર્યો હતો. મામલો થાળે પડ્યો હતો. જાથાએ મંદિરમાં ખોટા નામ આપવાની, આરોપ મૂકવાની પ્રવૃત્તિ કાયમી બંધ કરાવી હતી. ચુડા આખું ગામે રાજીપો વ્યકત કર્યો હતો. ગ્રામજનોએ જાથાને ટેકો આપ્યો હતો. જાથાએ ૧૨૧૭મો પર્દાફાશમાં ભેંસાણ પોલીસ સ્ટેશનની ઉત્કૃષ્ટ કામગીરી હતી. સફળ પર્દાફાશમાં જાથાના અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, કૌશિક મકવાણા, મીનેશભાઈ જીવાણી, જેતપુરના રમેશ પરમાર, સંજય જાદવની સુંદર કામગીરી ઉપરાંત પી.એસ.આઈ. આર. પી. ચુડાસમા, હેડ કોન્સટે. સંજયભાઈ નાનુભાઈ વાણીયા, મોહસીનભાઈ સલીમભાઈ, માનસિંગભાઈ રામભાઈ, પી.એસ.ઓ. રમેશભાઈ અખેર સહિત સમગ્ર સ્ટાફે મદદ કરી હતી. રાજ્યમાં ખોટા આરોપ, ડાકણ સંબંધી માહિતી માટે મો. નં. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

## પાણીના ટાંકા બનાવવા અને સ્માર્ટ ફોન ખરીદી માટે આઈ-ખેડુત પોર્ટલ ઉપર અરજી કરવા અનુરોધ

(પ્રતિનિધિ દ્વારા)

સોમનાથ તા.૧૫

ખેડુતોને ખેતીવાડી ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે હેતુસર **www. ikhedut. gujarat.gov.in** પોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. આ પોર્ટલ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ માટે રાજ્યના ખેડુતોને ખેતીવાડી ખાતા હસ્તક પાણીના ટાંકા બનાવવા સહાય આપવાની યોજના અને સ્માર્ટફોનની ખરીદી ઉપર સહાય યોજના માટે આઈ-ખેડુત પોર્ટલ તા. ૧૫-૦૫-૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ખેડુતો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવા માટે ખુલ્લું મુકવામાં આવશે. જે ખેડૂતો પાણીના ટાંકા બનાવવા સહાય યોજના અને સ્માર્ટફોનની ખરીદી ઉપર સહાય યોજનામાં લાભ મેળવવા ઈચ્છતા ખેડૂતોએ જરૂરી વિગતો જેવી કે, ૮-અ, બેંક ખાતાની અધ્યતન વિગત (**IFSC CODE** સાથે), આધાર કાર્ડની વિગત, રાશન કાર્ડની વિગતો સાથે પોર્ટલ ઉપર અરજી કરવાની રહેશે. તદુપરાંત ખેતીવાંડીની અન્ય સહાયકારી યોજનાઓના ઘટકો માટે સમયાંતરે સરકારમાંથી વહીવટી મંજૂરી મળ્યેથી આઈ-ખેડૂત પોર્ટલ ઉપર અરજી કરવા માટે પોર્ટલ તબ્બકાવાર ખોલવામાં આવશે. જેની નોંધ લેવા ખેડૂતમિત્રોને વિનંતી છે તેમ ગીર સોમનાથ ખેતીવાડી અધિકારીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## મેટોડા ૧૦૮ ટીમની પ્રામાણિકતા : ઈજાગ્રસ્ત બાઈકચાલક પાસેથી મળેલ રોકડ સહિતનો કિંમતી મુદામાલ પરત કર્યો



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૫

જાહેર માર્ગો ઉપર અકસ્માત સમયે સત્વરે દોડી જતી ૧૦૮ એમ્બ્યુલન્સ ઈજાગ્રસ્ત વ્યક્તિની સારવાર વેળાએ તેમની પાસે રહેલ કિંમતી મુદામાલ સાચવીને દર્દીના પરિવારજનોને રૂબરૂ બોલાવી પરત કરી ઈજાગ્રસ્ત દર્દીઓના જીવ બચાવવાની સાથે પ્રમાણિકતા અને નૈતિકતા પણ નિભાવે છે. પ્રમાણિકતાનું ઉદાહરણ પૂરૂ પાડતા રાજકોટનાં એક પ્રેરણાત્મક કિસ્સા વિશે વિગતો આપતા ૧૦૮ ટીમના જિલ્લા સુપરવાઈઝર દર્શિત પટેલએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ભાયુના દોમડા ગામના ૫૫ વર્ષીય દિનેશભાઈ રામોલિયા પોતાનું ટુ વ્હીલર લઈને મેટોડા જવા નીકળ્યા હતા ત્યારે નગર પીપળીયા ગામ પાસે આવેલી ગોલાઈમાં અકસ્માત સર્જાયો હતો અને એક વ્યક્તિને ઈજા પહોંચી હતી. ૧૦૮ની ટીમને જાણ થતાં જ ઈ.એમ.ટી. અસ્મિતા ગોહિલ અને પાયલોટ મનુભાઈ જોટવા તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી સત્વરે ઈજાગ્રસ્ત દર્દીને સારવાર પુરી પાડી હતી. વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તની ઓળખ માટે તપાસ કરતાં તેમનાં ખિસ્સામાંથી અંદાજિત રૂા.૫૦,૦૦૦/- જેટલી રોકડ રકમ તથા એક મોબાઈલ અંદાજિત રૂા.૧૫,૦૦૦/- મળી અંદાજિત રૂા.૬૫,૦૦૦/- તથા અન્ય અગત્યના ડોક્યુમેન્ટ્સ મળી આવ્યા હતા, જે ઈજાગ્રસ્તના ભાઈ હરેશભાઈ રામોલીયાનો સંપર્ક કરી મેટોડા ૧૦૮ની ટીમના ઈ.એમ.ટી. અસ્મિતા ગોહિલ અને પાયલોટ મનુભાઈ જોટવાએ સહી સલામત પરત કરી પ્રમાણિકતાનું ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું. ૧૦૮ની ટીમના પ્રમાણિકતા બદલ ઈજાગ્રસ્તનાં પરિવારજનોએ સમગ્ર ટીમનો આભાર માન્યો હતો.


## દ્વારકાના યુવાનના ફોટા વાયરલ કરીને બદનામ કરવાની ધમકી આપીને પૈસા પડાવતા અજાણ્યા શખ્સો સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

દ્વારકામાં રહેતા એક યુવાનની ઓનલાઈન લોન મંજુર કર્યા બાદ આ અંગે ઠગાઈ આચરી, પરપ્રાંતિય જેવા જુદા-જુદા પાંચ મોબાઈલ નંબરધારક શખ્સો દ્વારા આ યુવાનના ન્યુડ ફોટા વાયરલ કરવાની ધમકી આપીને રોકડ રકમ કઢાવી લેવા અંગેનો ગુનો દ્વારકા પોલીસ મથકમાં નોંધાયો છે. આ સમગ્ર પ્રકરણની પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ દ્વારકામાં રહેતા ૨૦ વર્ષના એક યુવાનના એન્ડ્રોઈડ મોબાઈલમાં અજાણતા ડાઉનલોડ થયેલી ક્રેડિટ નાઉ નામની એપ્લિકેશન ખોલીને જોતા આ લોન એપ્લિકેશન મારફતે તેમની લોન મંજૂર થઈ હોવાનું જણાવી, તેના બેંક ખાતામાં ચોક્કસ રકમ જમા થઈ હતી. જે અંગેની પ્રોસેસિંગ ફી પણ એડવાન્સમાં કાપી લેવામાં આવી હતી. ત્યારબાદ તેમના વોટ્સએપ નંબર ઉપર જુદા-જુદા ૬૨, ૯૨, ૮૮, ૮૫ થી શરૂ થતા જુદા જુદા પાંચ નંબર ઉપરથી ફોન આવતા હતા. સામેથી હિન્દીભાષી એવા શખ્સો દ્વારા આ યુવાનને તેમની લોન ક્લોઝ કરવાનું કહેતા સામાન્ય એવી આ રકમ તેણે પે-ટીએમ મારફતે જમા કરાવી દીધી હતી. ત્યારબાદ પણ લોન અંગે આ નંબરોમાંથી અવારનવાર ફોન આવતા હતા અને આ યુવાનના ન્યુડ ફોટા ફેસબુક, વોટ્સએપ તથા ઈન્સ્ટાગ્રામમાં તેમના તેના સગા-સંબંધીને મોકલી આપવાની ધમકી આપી, આ યુવાન પાસેથી બળજબરીપૂર્વક રૂપિયા ૬૧,૦૦૦ કઢાવી લેવામાં આવ્યા હતા. આ પછી પણ પરેશાન કરવામાં આવતા આખરે કંટાળીને આ યુવાને પોલીસનો સંપર્ક કર્યો હતો અને ચોક્કસ નંબર ધરાવતા પાંચ શખ્સો સામે આ યુવાનના ફોટા ન્યૂડ ફોટા વાયરલ કરી અને બળજબરીપૂર્વક પૈસા કઢાવી લઈ અને વધુ પૈસાની માંગણી કરવા સબબ દ્વારકા પોલીસ મથકમાં આઈ.પી.સી. કલમ ૩૮૪ તથા આઈ.ટી. એક્ટની કલમ મુજબ ધોરણસર ફરિયાદ નોંધાઈ છે. આ અંગેની વધુ તપાસ સાયબર સેલના પી.આઈ. એ.એમ. પટેલ ચલાવી રહ્યા છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પુત્રના ખબર અંતર પૂછતા નરેશભાઈ પટેલ





(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૫

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પુત્ર અનુજભાઈ પટેલને બ્રેઈન સ્ટ્રોક આવતા હાલ તેઓ મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. ત્યારે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલે મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં રૂબરૂ જઈને અનુજભાઈ પટેલના ખબર અંતર પૂછ્યા હતા. નરેશભાઈ પટેલ ગઈકાલે તારીખ ૧૪ મેને રવિવારના રોજ મુંબઈની હિન્દુજા હોસ્પિટલ જઈને અનુજભાઈ પટેલને મળ્યા હતા અને તેમની તબિયત અંગેની જાણકારી મેળવી હતી. સાથે જ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડનો સમગ્ર પરિવાર ભૂપેન્દ્રભાઈ પટેલના પરિવારના આ મુશ્કેલ સમયમાં સાથે હોવાનું જણાવ્યું હતું. નરેશભાઈ પટેલે અનુજભાઈ પટેલના ખબર અંતર પૂછીને તેઓ ઝડપથી સ્વસ્થ થાય તે માટે માં ખોડલ અને દેવાધિદેવ મહાદેવના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

## કલ્યાણપુરના શખ્સને ક્રિકેટ મેચ ઉપર સટ્ટો ખેલતા એલસીબી પોલીસે દબોચી લીધો





(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

કલ્યાણપુર તાલુકાના લાંબા ગામના શખ્સ દ્વારા આઈ.પી.એલ. ઉપર ક્રિકેટનો અખાડો ચલાવતા એલ.સી.બી. પોલીસે દબોચી લઈ અને મુદ્દામાલ કબજે કર્યો હતો. આ પ્રકરણમાં જુદા-જુદા ગામોના અન્ય અડધો ડઝન જેટલા શખ્સોના નામ જાહેર થયા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ એલ.સી.બી. પોલીસ દ્વારા શનિવારે કરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત એલ.સી.બી.ના હેડ કોન્સ્ટેબલ ડાડુભાઈ જોગલ તથા અરજણભાઈ મારૂને મળેલી ચોક્કસ બાતમીના આધારે કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે રહેતા મુકેશ ભગવાનજીભાઈ બારાઈ નામના શખ્સ દ્વારા પોતાના રહેણાંક મકાનમાં હાલ ચાલી રહેલા આઈપીએલના ક્રિકેટ ઉપર હૈદરાબાદ અને લખનઉની ટીમ ઉપર ઓનલાઈન આઈ-ડી બનાવી અને રનફેર તથા હારજીતના પરિણામના સોદાઓ કરી અને ક્રિકેટના સટ્ટાનો જુગાર રમાડવામાં આવતો હતો. જેથી પોલીસે ઉપરોક્ત શખ્સની રૂપિયા ૪૦,૧૫૦ રોકડા તથા રૂપિયા ૧૩,૦૦૦ની કિંમતના બે નંગ મોબાઈલ ફોન, રૂા.૧૦,૦૦૦ની કિંમતનું એક એલ.ઈ.ડી. ટી.વી. વિગેરે મળી કુલ રૂા.૬૩,૬૫૦ના મુદ્દામાલ સાથે અટકાયત કરી હતી.

## ખંભાળિયા નજીક કાર અકસ્માતમાં આશાસ્પદ યુવાનનું કરૂણ મૃત્યુ





(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫


દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા, દ્વારકા તથા ભાણવડ પંથકમાં શનિવારે સર્જાયેલા ત્રણ અકસ્માતોમાં આશાસ્પદ યુવાન તેમજ બે મહિલાઓના કરુણ મોત નીપજ્યા હતા. ખંભાળિયા-દ્વારકા ધોરીમાર્ગ ઉપર અત્રેથી આશરે ૮ કિલોમીટર દૂર કુવાડીયા ગામના પાટીયા પાસેથી શનિવારે સાંજે જી.જે. ૧૦ બી.એફ. ૨૨૫૫ નંબરના મોટરસાયકલ ઉપર બાલવા ગામે ચુનારા યજમાનને ત્યાં બારોટના ચોપડે નામ ચડાવવાનો પ્રસંગ પતાવીને ભાટિયા તરફ જવા નીકળેલા હિરેનભાઈ રસિકભાઈ અંકલેશ્વરીયા (રહે. ઉપલેટા) નામના બારોટ યુવાનના મોટરસાયકલ સાથે આ માર્ગ ઉપરથી પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલી જીજે-૦૧-આરએફ-૭૪૮૪ નંબરની એક મોટરકારના ચાલકે હિરેનભાઈના બાઈક સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં હિરેનભાઈ અંકલેશ્વરીયાને ગંભીર ઈજાઓ સાથે ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં ફરજ પરના તબીબોએ તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતકના પિતા રસિકભાઈ ગોપાલભાઈ અંકલેશ્વરીયા (રહે. ઉપલેટા)ની ફરિયાદ ઉપરથી ખંભાળિયા પોલીસે જીજે-૦૧-આરએફ-૭૪૮૪ નંબરના કાર ચાલક સામે આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૦૪ (અ) તથા એમ.વી. એક્ટની કલમ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે. આશાસ્પદ યુવાનના અપમૃત્યુના આ બનાવે મૃતકના પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે. અકસ્માતના અન્ય એક બનાવમાં દ્વારકાથી આશરે ૮ કિલોમીટર દૂર શિવરાજપુર ગામ નજીક પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી જીજે-૦૧-આરયુ-૯૨૩૯ નંબરની એક ઈક્કો મોટરકારના ચાલકે આ માર્ગ ઉપરથી પસાર થતા એક જ્યુપિટર મોટરસાયકલ સાથે અકસ્માત સર્જ્યો હતો. આ જીવલેણ ટક્કરમાં સ્કૂટર ઉપર જઈ રહેલા તરૂણાબેન જયદીપભાઈ ચૌહાણ નામની ૨૪ વર્ષની પરિણીત યુવતીને શરીરના જુદા-જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નીપજયું હતું.

જ્યારે સ્કૂટર ચાલક મૃતકના પતિ જયદીપકુમાર હાજાભાઈ ચૌહાણ (રહે. સોલાજ, તા. સુત્રાપાડા, જિ. ગિર સોમનાથ) ને પણ નાની-મોટી ઈજાઓ સાથે સ્થાનિક હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. આ સમગ્ર બનાવવા અંગે પીજીવીસીએલમાં નોકરી કરતા મૃતકના પતિ જયદીપકુમાર ચૌહાણની ફરિયાદ ઉપરથી દ્વારકા પોલીસે ઈક્કો કારના ચાલક સામે આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૦૪ (અ), ૩૩૭ તથા એમ.વી. એક્ટની કલમ મુજબ ગુનો નોંધી, ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે. જુવાનજોધ દંપતી ખંડિત થયાના આ બનાવથી પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

## કલ્યાણપુર તાલુકા બરડાઈ બ્રહ્મ સમાજનું ગૌરવ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૫



SHIVANSH BHOGAYATA

મૂળ કલ્યાણપુર તાલુકાના ટંકારીયા ગામના વતની ભોગાયતા પરિવારના શિવાંશે ગામનું અને પરિવારનું ગૌરવ વધાર્યું છે. કેન્દ્રીય માધ્યમિક શિક્ષા બોર્ડ (**CBSE**)ની ધોરણ ૧૦ની પરીક્ષામાં શિવાંશ કિશોરચંદ્ર ભોગાયતાએ **A** ગ્રેડ સાથે ૯૧% માર્કસ સાથે ઉતીર્ણ થતા સમગ્ર બરડાઈ બ્રહ્મ સમાજનું તથા ભોગાયતા પરિવારનું ગૌરવ વધાર્યું છે. બધા જ વિષયોમાં **A**૧, **A**૨ ગ્રેડ મેળવી શિવાંશે પોતાના કુળદેવી હરસિધ્ધિ માતાજી, દાદી-દાદા (ભનુભાઈ ભોગાયતા ટંકારીયા) અને મમ્મી-પપ્પાના આશીર્વાદ અને માર્ગદર્શનને કારણે આ સફળતા મેળવી હોવાનું જણાવ્યું હતું. શિવાંશને તેમને સુંદર ભવિષ્ય માટે સમાજના અગ્રણીઓએ હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

## ભાણવડ નજીક દર્શનાર્થે જતો પરિવાર અકસ્માતગ્રસ્ત : બેંગ્લોરના મહિલાનું મૃત્યું

જામખંભાળીયા તા. ૧૫ : જામનગરની સાધના કોલોની વિસ્તારમાં રહેતા દીપેનભાઈ અમૃતલાલભાઈ ઢગાઈ નામના ૫૦ વર્ષના યુવાન તથા તેમના પરિવારજનો વેકેશન હોવાથી જી.જે. ૩ ઈ.આર. ૮૨૯૫ નંબરની એક સ્વીફ્ટ મોટરકાર લઈને હાથલા ગામે શનિદેવના મંદિરે દર્શને ગયેલ દીપેનભાઈના પત્ની રાધિકાબેન, પુત્રી પલક (ઉ.વ. ૧૩), પુત્ર આદિત્ય (ઉ.વ. ૧૧) તથા બેંગ્લોર ખાતે રહેતા તેમના બહેન દક્ષાબેન નલિનકુમાર આસર (ઉ.વ. ૪૯) અને તેમની ૨૦ વર્ષની પુત્રી સ્મિતા સાથેની આ મોટરકાર રોડની એક સાઈડ ઊતરી અને વીજપોલ સાથે ધડાકાભેર ટકરાઈ હતી. આ ગંભીર અકસ્માતમાં દક્ષાબેન નલિનકુમાર આસરનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે અન્યને સામાન્ય ઈજાઓ થવાના કારણે વધુ સારવાર અર્થે જામનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## ખંભાળિયાના યુવાને મૈત્રી કરાર કરતા મારી નાખવાની ધમકી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

ખંભાળિયા તાલુકાના મોટી ખોખરી ગામે રહેતા ગોવિંદભાઈ નોંઘાભાઈ બારડ નામના યુવાને ખંભાળિયા તાલુકાના ભંડારીયા ગામે રહેતા નગા મેરામણભાઈ ભાટિયા, નરેશ એભાભાઈ ભાટિયા અને કાના સીદા ભાટીયા નામના ત્રણ શખ્સો સામે તેમના તથા તેમના પત્નીના ટાંટિયા ભાંગી નાખી, તેને મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાની ફરિયાદ અહીંના પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. ફરિયાદી ગોવિંદભાઈએ થોડા સમય પૂર્વે આરોપી પરિવારની એક યુવતી સાથે મૈત્રી કરાર કર્યા હોય, જે બાબતનું મનદુઃખ રાખી અને ઉપરોક્ત બનાવ બન્યો હોવાથી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢ તાલુકાના ચોબારી ગામે જુગાર દરોડો : ચાર મહિલા સહિત છ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ તાલુકા પોલીસે આપેલી વિગત અનુસાર તાલુકાના ચોબારી ગામેથી જાહેરમાં જુગાર રમતા ચાર મહિલા સહિત છને ઝડપી લીધેલ છે. રોકડ, મોબાઈલફોન તેમજ ફોરવ્હીલ કાર વિગેરે મળી કુલ રૂા.૫,૫૪,૭૫૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## માધવપુર : દેહદાનનો સંકલ્પ



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૫

દેહદાન શ્રેષ્ઠ દાન. ઘેડ માધવપુર નિવાસીને કાપડના વ્યવસાય સાથે સકળાય અને અનેકવિધ સેવા કાર્ય કરતા એવા નથવાણી ધીરજલાલ જીવરાજભાઈએ આરેણા શિવમ્ ચક્ષુદાન - આરેણાને પોતાના નિવાસ્થાને ફોનથી બોલાવી પોતાના દેહદાનનું સંકલ્પ પત્ર અર્પણ કર્યુ છે. દેહદાન મેડિકલ કોલેજમાં ખુબ જરૂરી હોય છે. આ સેવામાં સહભાગી થવાના આ તેમના વિચારોને લોકો બિરદાવે છે.

# લાયન્સ કલબ ધોરાજીના પ્રયાસોથી જન્મથી બેરૂ અને મુંગા બાળક ઉપર વિનામુલ્યે ઈ પ્લાન્ટ સર્જરી કરવાનું આયોજન

જૂનાગઢ, તા.૧૫

વર્તમાન સમયમાં લોકો અનેક પ્રકારના આરોગ્યલક્ષી સમસ્યાઓથીપીડાતા હોય છે ત્યારે યોગ્ય નિદાન અને સારવાર કરવાથી દર્દીઓને રાહત મળી જતી હોય છે અને નવું જીવનપણ પ્રાપ્તથતું હોય છે. દરમ્યાન જન્મથી બેરૂ અને મુંગું બાળક ઉપર પણ સફળ સર્જરી કરી અને તેનો બોલતા અને સાંભળતા કરવાનું એક પરમાર્થનું કાર્ય સેવાભાવી સંસ્થા દ્વારા હાથ ધરાયું છે જે અંગેની મળતી વિગત અનુસાર લાયન્સ કલબ ધોરાજીના પ્રયાસોથી સી.યુ.શાહ હોસ્પીટલ સુરેન્દ્રનગરમાં બેરા અને મુંગા બાળ દર્દીઓને માટે વિનામુલ્યે ઓપરેશન કરી આપવામાં આવનાર છે અને જરૂરીયાતમંદ લોકોએ તેનો લાભ લેવા જણાવેલ છે. એક અહેવાલ અનુસાર અનુરોધ પણ કરવામાં આવેલ છે કે, જો કોઈના ધ્યાનમાં જન્મથી બેરૂ અને મુંગુ બાળક હોયતો તેવા બાળક ઉપર તેની સારવાર અને ઈલાજ કોકલીયર ઈ પ્લાન્ટ સર્જરીથી શકય થાય છે. આ ઓપરેશન રૂા.૧૦થી રૂા.૧૨ લાખ રૂપિયામાં થાય છે પરંતુ તે તદન ફ્રીમાં કરી આપવામાં આવશે. લાયન્સ કલબ ધોરાજીના પ્રયાસોથી સી.યુ.શાહ હોસ્પીટલ સુરેન્દ્રનગરમાં ફ્રી ઓપરેશન કરવામાં આવશે. અત્યાર સુધીમાં અમદાવાદના વિખ્યાત ડો.વિનોદ ખંધાર દ્વારા ૪૬૮થી વધુ સર્જરી કરી બાળકોને બોલ તા અને સાંભળતા કરેલ છે. જેથી જો કોઈની જાણમાં હોય આવા કોઈ બાળક તો તેના માટે વિનામુલ્યે સર્જરી કરી આપવામાં આવશે. વધુ વિગત માટે દલસુખભાઈ વાગાડીયા લાયન્સ કલબ ધોરાજી મો.નં.૯૮૭૯૫ ૧૧૭૦૭નો સંપર્ક સાધવા જણાવેલ છે.

# જનરલ હોસ્પીટલ જૂનાગઢ ખાતે મફત નિદાન અને ઓપરેશન કેમ્પ યોજાશે

## તા.૧૮ મે ગુરૂવારે ૧૦:૩૦થી બપોરના ૧૨:૩૦ દરમ્યાન કેમ્પનું આયોજન

જૂનાગઢ, તા.૧૫

જીએમઈઆરએસ જનરલ હોસ્પીટલ અને જીલ્લા આરોગ્ય સમિતિ જૂનાગઢના સહયોગ દ્વારા તથા જયદિપ હોસ્પીટલ અમદાવાદના સંયુકત ઉપક્રમે બાળકોની તમામ સર્જરીનો નિદાન કેમ્પ રાખેલ છે.

આ કેમ્પમાં અમદાવાદના ખ્યાતનામ ડો.જયુલ કામદાર-નવજાત શિશુ અને બાળકોના સર્જન અને ડો.નિશ્ચલ નાયક-કોસ્મેટીક અને પ્લાસ્ટીક સર્જન ઉપસ્થિત રહી નિદાન તથા સારવાર હેતુ માર્ગદર્શન આપશે. કેમ્પ અંતર્ગત સરકારની આયુષ્માન ભારત યોજના હેઠળ બાળકોની તમામ સર્જરી તથા સ્માઈલ ટ્રેન હેઠળ કપાયેલા હોઠ અને ફાટેલા તાળવાની સર્જરી મફત નિદાન, મફત સર્જરી કરવામાં આવશે જેથી જૂનાગઢ જીલ્લાની તથા આસપાસના વિસ્તારના લોકોને સંબંધિત સર્જરીની જરૂરીયાતવાળા બાળકોને આ કેમ્પનો લાભ લેવા મુખ્ય જીલ્લા તબીબી અધિકારી તથા સીવીલ સર્જન જીએમઈઆરએસ જનરલ હોસ્પીટલ જૂનાગઢ તથા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી જીલ્લા પંચાયત જૂનાગઢ દ્વારા અનુરોધ કરવામાં આવે છે. આ કેમ્પ જીએમઈઆરએસ જનરલ હોસ્પીટલ બીજો માળ રૂમ નં.૨૧૮, બાળકોની ઓપીડી સામે મજેવડી દરવાજા જૂનાગઢ ખાતે તા.૧૮/૫/૨૦૨૩ ગુરૂવાર ૧૦:૩૦થી બપોરના ૧૨:૩૦ કલાક સુધી યોજાશે. જેનો લાભ લેવા જરૂરીયાત મંદોને અનુરોધ કરાયો છે. નામ નોંધાવવા માટે મો.નં.૯૪૨૮૨ ૪૯૯૮૨, ૮૯૮૦૦ ૦૯૪૬૦નો સંપર્ક સાધવા જણાવેલ છે.

## સીબીએસઈની પરીક્ષામાં ગુરૂકુલના વિદ્યાર્થીઓએ મેદાન માર્યું

# અંકલેશ્વરની શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ પબ્લિક સ્કુલ (સીબીએસઈ) ધોરણ ૧૦ નું શાનદાર ૧૦૦% પરિણામ



અંકલેશ્વર, તા.૧૫

અંકલેશ્વર જીઆઈડીસી સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ પબ્લિક સ્કુલ (સીબીએસઈ) ધોરણ-૧૦નું ૧૦૦% પરિણામ આવતા વિદ્યાર્થીઓ સહિત આચાર્યા તેમજ શિક્ષકમિત્રોની કપરી મહેનતની સંસ્થાના વડા સ્વામી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી, ટ્રસ્ટી જયસ્વરૂપ શાસ્ત્રી તેમજ ટ્રસ્ટી કિશોરભાઈ પાનસુરીયા દ્વારા અભિનંદન પાઠવી કદર કરવામાં આવી હતી. શાળા કક્ષાએ પ્રથમ ક્રમાંકે ધ્રુવી પટેલ ૯૪.૨૦ ટકા સાથે ગ્રેડ એ૧, દ્વિતીય ક્રમાંકે શિવાની પાંડે ૯૨.૪૦ ટકા સાથે ગ્રેટ એ૧ તેમજ તૃતીય ક્રમાંકે પ્રિયાંશી ગુપ્તા ૮૮% ટકા સાથે એ૨ ગ્રેડ પ્રાપ્ત કરીને ગુરૂકુલ પરિવારનું ગૌરવ વધાર્યુ હતું. સાથે સાથે વિદ્યાર્થી મિત્રોને પૂજય ગુરૂજીએ ભવિષ્યમાં પણ સારા ટકાએ ઉત્તિર્ણ થાઓ તેવા શુભ આશીર્વાદ પાઠવ્યા હતા.

# મહારાષ્ટ્રની સગીરાનું તેના વાલી સાથે મિલન કરાવતી દેવભૂમિ દ્વારકા બાળ કલ્યાણ સમિતિ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

દ્વારકા પોલીસ ટીમને ગત તા. ૧૪ જાન્યુઆરીના રોજ મહારાષ્ટ્ર રાજયના મોહાલી ગામની સગીર મંદ બુદ્ધિની સગીરા મળી આવી હતી. તેમના દ્વારા આગળની કાર્યવાહી માટે જિલ્લા બાળ કલ્યાણ સમિતિના ચેરમેન ચંદ્રશેખર બુધ્ધભટ્ટી સમક્ષ આ સગીર બાળાને રજૂ કરી, જામનગર આવેલા કસ્તુર સ્ત્રી વિકાસ ગૃહમાં સોપવામાં આવી હતી. આ પછી વિકાસ ગૃહના સુપ્રી. અને બાળ કલ્યાણ



સમિતિની સયુંકત કામગીરીથી આ સગીરાના વાલીને શોધી લાવી તેમને પરત સોંપવામાં આવી હતી. જેથી બાળાના વાલી દ્વારા હર્ષની લાગણી સાથે તમામનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# ખંભાળિયામાં જાણીતા ત્રિકાલદર્શિ શાસ્ત્રીજી પ્રભુનો લોક દરબાર યોજાશે

## તા. ૨૦ અને ૨૧ના રોજ નિઃશુલ્ક જ્યોતિષ દરબારનું ભવ્ય આયોજન

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

સમગ્રભારતમાં ત્રિકાલદર્શિ જ્યોતિષ તરીકે પ્રથમ હરોળનું સ્થાન ધરાવતા શાસ્ત્રીજી પ્રભુના નિઃશુલ્ક જયોતિષ દરબારનું ભવ્ય આયોજન ખંભાળિયામાં આગામી શનિવાર તારીખ ૨૦ તથા રવિવાર તારીખ ૨૧ મીના રોજ કરવામાં આવ્યું છે. ખંભાળિયામાં પોલીસ સ્ટેશન પાસે આવેલા બરછા હોલ ખાતે આગામી શનિ તથા રવિવાર



તા. ૨૧ના રોજ યોજવામાં આવેલા આ નિઃશુલ્ક જ્યોતિષ પરામર્શ દરબારમાં શાસ્ત્રીજી પ્રભુ દ્વારા લોકોને તેમની સમસ્યાઓ અંગે વિના મૂલ્યે માર્ગદર્શન આપવામાં આવશે. આ જ્યોતિષ દરબારમાં સહભાગી થવા માટે ઈન્દ્રજીતસિંહ પરમાર (મો. ૮૦૦૦૪ ૫૫૫૦૦), વજુભાઈ વોરીયા (મો. ૭૪૩૪૯ ૯૩૨૩૦), કુંજનભાઈ રાડિયા (મો. ૯૯૧૩૭૦૧૭૧૧), માનભા જાડેજા (મો. ૯૬૦૧૫ ૮૧૧૧૧), દિલીપભાઈ બોડા (મો. ૯૮૭૯૧ ૭૮૮૮૯), હરપાલસિંહ જેઠવા તથા ભવ્ય ગોકાણીના મોબાઈલ નંબર પર રજીસ્ટ્રેશન કરાવવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ભાડવામાં બનનારી આધુનિક આંગણવાડીનું ખાતમુહૂર્ત ઉદ્યોગપતિ અને દાતા મનેષભાઈ માદેકાના હસ્તે થયું

## ટોયઝ રૂમ, પેન્ટ્રી, હોલ, આરોગ્ય તપાસણી રૂમના ઈન્ટીરીયર ફર્નિચર અને કલરકામ કરાવાશે





(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૫

કોટડાસાંગાણી તાલુકાના ભાડવા મુકામે નિર્માણ પામનારા આંગણવાડી કેન્દ્રનું ખાતમુહૂર્ત ઉદ્યોગપતિ અને દાતા મનેષભાઈ માદેકાના હસ્તે તથા (આઈસીડીએસ)ના પ્રોગ્રામ ઓફિસર સાવિત્રી નાથજીની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યુ હતું. ભાડવા ગામે બાળકો પૂર્વ પ્રાથમિક શિક્ષણ લઈ શકે તે માટે આંગણવાડી કેન્દ્ર કાર્યરત હતું. પણ આ કેન્દ્ર જર્જરિત હોઈ અન્ય જગ્યાએ બાળકોને બેસાડવામાં આવતા, તેથી બાળ વિકાસ યોજના અધિકારી પૂજાબેન જોશીના સંનિષ્ઠ પ્રયાસોથી ગ્રામ પંચાયતે આંગણવાડી કેન્દ્ર માટે જમીન ફાળવી છે, જે જમીન ઉપર અદ્યતન પધ્ધતિથી બાંધકામ ઉદ્યોગપતિ દાતા રોલેક્સ રીંગ લિમિટેડના આર્થિક સહયોગથી કરવામાં આવશે. તેમજ દાતા દ્વારા જ બાળકો માટે જરૂરી એવા ટોયસ રૂમ, પેન્ટ્રી, હોલ, આરોગ્ય તપાસણી રૂમના ઈન્ટીરીયર અને કલરકામ કરાવી અપાશે. આ ખાતમુહૂર્ત પ્રસંગમાં સરપંચ રેખાબેન લવજીભાઈ ગજેરા, અગ્રણી ભુપેન્દ્રસિંહ બાપુ, રાઘવેન્દ્રસિંહ બાપુ, પંચાયત સદસ્યો, આગેવાનો, આઈસીડીએસના કર્મચારીઓ, બાળકો, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# JakeBlueની હરિયાળી પહેલ ગાંધીનગરમાં તળાવનું રિસ્ટોરેશન હાથ ધર્યું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૫

જાણીતા મેન્સ ક્લોથિંગ રિટેલર અને પર્યાવરણના રક્ષણના હિમાયતી જેડબ્લ્યુ (ind Blue)એ ગાંધીનગરના ટિંટોડા ગામમાં બોપલા તળાવ અને બાયોડાઈવર્સિટોના પુનઃસંગ્રહ માટે એક હરિયાળી પડેલ હાથ ધરી છે. જેડબ્લુ લાઈફસ્ટાઈલ ઈન્ડિયાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શાંભવ ચૌહાણે જણાવ્યું કે, "અમારી કંપનીની **CSR** પહેલના ભાગરૂપે આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ૧૦ એકર વિસ્તારમાં તળાવને પુનઃસ્થાપિત કરશે જેમાં ૧૫ કરોડ લિટર પાણીનો સંગ્રહ થશે અને ટિંટોડા ગામ તથા તેની આસપાસના વિસ્તારોને મોટો લાભ આપશે." જેડબ્લ્યુ લાઈફસ્ટાઇલ ઈન્ડિયાએ આ તળાવ અને તેની આસપાસના વિસ્તારોને પુનઃજીવત કરવાની જવાબદારી ઉપાડી છે.

આ પ્રોજેક્ટ વિશે વધુ વિગતો આપતા શાંભવ ચૌહાણે જણાવ્યું કે, તળાવના પુનઃસ્થાપનની સાથે સાથે અમે તળાવની અંદરના ત્રણ આઈલેન્ડ ઉપર હજારો રોપાઓનું વાવેતર કરીશું. આ વિસ્તારની મૂળ બાયોડાઈવર્સિટી પુનઃસ્થાપિત કરવા અને પક્ષીઓ, મધમાખીઓ, પતંગિયાઓ, જંતુઓ માટે સંપૂર્ણ વસવાટ બનાવવાના માપદંડો ઉપર આ છોડની પસંગી કરવામાં આવી છે. અહીં વાંસનું વાવેતર પણ કરવામાં આવશે જે વાતાવરણમાં વધુ ઓક્સિજન છોડશે, ભૂગર્ભજળને રિચાર્જ કરવા માટે પરકોલેશન પિટ બનાવવામાં આવશે."

કંપનીના ડિઝાઈન હેડ અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સિદ્ધેશ ચૌહાણે જણાવ્યું કે આ તળાવનું બ્યુટિફિકેશન કરવામાં આવશે




જેથી સ્થાનિક લોકો માટે તે આનંદપ્રમોદનું કેન્દ્ર બની શકે. તળાવની આજુબાજુ એક પાથવે પણ બનાવવામાં આવશે અને બાઉન્ડ્રી ઉપર તેને વેટીવર ઘાસથી સુશોભિત કરવામાં આવશે જે તળાવને શુદ્ધ કરે છે અને બાઉન્ડ્રીને મજબૂત બનાવે છે. આ રિસ્ટોરેશન પ્રોજેક્ટ લોકોના સર્વાંગી વિકાસમાં દઢ વિશ્વાસ ધરાવતા ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર, ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જસવંતભાઈ પટેલ અને ગાંધીનગર જિલ્લા કલેકટર હિતેશભાઈ કોયાના સહયોગથી હાથ ધરવામાં આવી રહ્યો છે.

જેડબ્લ્યુના બોપલા લેક રિસ્ટોરેશન પ્રોજેકટને મેગા ફાઉન્ડેશનના નિમલ રાઘવન અને સુજીયા એસ તથા યુય ઈનોવેશન પાર્ટનર્સના અદિતિ ગુપ્તા અને રાહુલ ઋષિના સહયોગથી પાર પાડવામાં આવી રહ્યો છે. જેડબ્લ્યુ નજીકના ભવિષ્યમાં આવા ઘણા ગ્રીન ઈનિશિયેટિવ ઉપર કામ કરશે તેમાંથી આ પ્રથમ છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લાના ૮૧ ગામોમાં ૧૨૨ લાભાર્થીઓએ પોતાના આવાસમાં પ્રવેશ કર્યો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫





વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર રાજયમાં ગઈકાલે શુક્રવારે રૂા.૧૯૪૬ કરોડના ખર્ચથી નિર્મિત ૪૨,૪૪૧ આવાસોનું લોકાર્પણ કરી, લાભાર્થીઓનો ગૃહ પ્રવેશ કરાવ્યો હતો. સાથે રૂા.૨૪૫૨ કરોડના વિવિધ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ખાતમુર્હત કરવામાં આવ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૮૨ ગામોમાં પણ ૧૨૨ લાભાર્થીઓએ પોતાના આવાસમાં પ્રવેશ કર્યો હતો. ખંભાળિયા તાલુકાના હર્ષદપુર ખાતે ઈન્ચાર્જ કલેકટર એસ.ડી. ધાનાણીની ઉપસ્થિતિમાં ગૃહ પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. જેમાં તેમણે પોતાના નવા ગૃહમાં પ્રવેશ કરનાર લાભાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. આ ઉપરાંત જિલ્લાની તમામ નગરપાલિકાઓમાં પણ અમૃત આવાસોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ખંભાળિયામાં યોગ કેન્દ્ર ખાતે યોજવામાં આવેલા આ કાર્યક્રમ શહેરના ૨૦ લાભાર્થીઓને ગૃહ પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લાની ૬ નગરપાલીકાના ૬૫ લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગૃહપ્રવેશ કરાવવામાં આવ્યો હતો. લાભાર્થીઓએ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમનું લાઈવ પ્રસારણ નિહાળ્યું હતું.

**૪૦ વર્ષ ભાડાના મકાનમાં રહ્યા બાદ પોતાના ઘરનું સ્વપ્ન પૂર્ણ થયું : જયશ્રીબેન ભટ્ટ**


"અમે ૪૦ વર્ષ સુધી ભાડાના મકાનમાં રહ્યા અને પ્રધાનમંત્રી આવાસ યોજના થકી અમારૂ પોતાના ઘરનું સ્વપ્ન પૂર્ણ થયું છે" તેમ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયાના રહેવાસી જયશ્રીબેન ભટ્ટે જણાવ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા ખાતે પણ નવનિર્મિત આવાસોમાં ગૃહ પ્રવેશ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૪૦ વર્ષ ભાડાના મકાનમાં રહ્યા બાદ પોતાના ઘરનું સ્વપ્ન પૂર્ણ થતા લાભાર્થી જયશ્રીબેને ઉત્સાહ સાથે વડાપ્રધાનનો આભાર વ્યક્ત કરી તેમનું મંતવ્ય જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, "અમે ક્યારેય વિચાર્યું નહોતું કે અમારું પોતાનું ઘર હોય તે સ્વપ્ન પણ પૂર્ણ થશે. પરંતુ અમને પ્રધાનમંત્રી આવાસ યોજના વિશે માહિતી મળી અને આ શકય બન્યું... અમને પ્રધાનમંત્રી આવાસ યોજના વિશે માહિતી મળતાં નગરપાલિકામાં આ યોજના વિશે તપાસ કરી. તપાસ કરવા જતાં અમને ત્યાંથી એક ફોર્મ ભરવા જણાવવામાં આવ્યું અને એ બાદ આ સહાય મળતા અમારૂ સ્વપ્ન પૂર્ણ થયું છે." અનેક લોકોના પોતાના ઘર હોય તે સ્વપ્ન પૂર્ણ કરવા બદલ તેમણે સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ૮૧ કરોડની છેતરપિંડીમાં અશનીર ગ્રોવર અને પરિવાર સામે ફરિયાદ

## ભારતપે અને અશનીર ગ્રોવર વચ્ચે એક વર્ષથી વિવાદ , ભારતપે અને અશનીર ગ્રોવર વિવાદ

નવી દિલ્હી, તા.૧૫

ભારતપે અને અશનીર ગ્રોવર વિવાદમાં આર્થિક ગુના શાખા એટલેકે ઈકોનોમિક ઓફેન્સ વિંગે ગ્રોવર અને તેના પરિવાર વિરુદ્ધ છેતરપિંડીના આરોપમાં એક નવો કેસ નોંધ્યો છે. ભારતપેની ફરિયાદના આધારે પોલીસે આ એફઆઈઆર નોંધી છે. ૧૦ મેના રોજ આર્થિક ગુના શાખાએ ભારતપેના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર અશનીર ગ્રોવર, તેની પત્ની માધુરી જૈન ગ્રોવર અને દીપક ગુપ્તા, સુરેશ જૈન અને શ્વેતાંક જૈન સહિત તેમના પરિવારના કેટલાક સભ્યો વિરુદ્ધ ૮૧ કરોડની છેતરપિંડીનો કેસ દાખલ કર્યો હતો. ભારતપે અને અશનીર



ગ્રોવર વચ્ચે છેલ્લા એક વર્ષથી આ વિવાદ ચાલી રહ્યો છે. સૌથી પહેલા અશનીર ગ્રોવરની એક ખાનગી બેંકના સ્ટાફ સાથેની ગેરવર્તણૂકનો ઓડિયો ક્લિપ વાયરલ થયો હતો. ત્યારબાદ ગ્રોવરની પત્ની માધુરી જૈન પર તેના અંગત હેતુઓ માટે કંપનીના નાણાંનો દુરુપયોગ કરવાના આરોપસર કંપનીમાંથી હાંકી કાઢવામાં આવી હતી. આ બંને કિસ્સાઓ પછી અશનીર ગ્રોવરે પણ ૧ માર્ચ, ૨૦૨૨ના રોજ ભારતપે કંપનીમાંથી રાજીનામું આપ્યું હતું. ડિસેમ્બર ૨૦૨૨માં ભારતપેએ અશનીર ગ્રોવર, તેની પત્ની માધુરી જૈન ગ્રોવર અને તેમના સંબંધીઓ સામે કંપનીના ભંડોળના મોટાપાયે ગેરઉપયોગ બદલ સિવિલ અને ફોજદારી કાર્યવાહી શરૂ કરી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# કોરોના મહામારી સંપૂર્ણ રીતે હજુ વિદાય નથી થઈ

કોરોના મહામારી સંપૂર્ણ રીતે વિદાય નથી થઈ, પરંતુ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને જાહેર કર્યું કે કોવિડ-૧૯ હવે વૈશ્વિક કટોકટી નથી રહી. કોરોનાનું વિનાશકારી રૂપ તો ગયા વર્ષે જ વીતેલી વાત થઈ ગયું હતું અને હવે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની જાહેરાત એક રીતે પ્રતીકાત્મક જ છે. આ જાહેરાતની તાત્કાલિક કશી અસર પડવાની નથી. દુનિયાના અલગ-અલગ દેશોમાં તેને લઈને અલગ પ્રોટોકોલ છે, જે આગામી દિવસોમાં પણ ચાલુ રહેવાની આશા છે. દુનિયાભરમાં કમ સે કમ ૭૦ લાખ લોકોનો જીવ લેનારી સદીની આ સૌથી ભયાનક મહામારીનું આપાતકાલીન ચરણ ભલે સમાપ્ત થઈ ગયું હોય, પરંતુ ખુદ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અનુસાર, મહામારી સમાપ્ત નથી થઈ. અસલી ખુશી એ દિવસે થશે, જે દિવસે મહામારીના અંતની જાહેરાત થશે. દિક્ષણ પૂર્વ એશિયા અને મધ્ય પૂર્વમાં કેસો હજુ પણ વધી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રની આ સ્વાસ્થ્ય એજન્સીનું કહેવું છે કે હજુ પણ દર અઠવાડિયે હજારો લોકો આ વાયરસથી મરી રહ્યા છે. યાદ રહે, આ સ્વાસ્થ્ય એજન્સીએ પહેલીવાર ૩૦ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ કોરોના વાયરસને એક વૈશ્વિક સંકટ જાહેર કર્યું હતું. ત્યારે સંક્રમણ ચીન અને થોડા જ અન્ય દેશોમાં હતું. ધીમે ધીમે આ સંક્રમણ આખી દુનિયામાં ફેલાયું અને દુનિયાએ એક વ્યાપક મહામારી વેઠવી પડી.

ત્રણ વર્ષથી વધુ સમય સુધી વિશ્વમાં આ મહામારીથી ૭૬ કરોડ ૪૦ લાખ લોકો સંક્રમિત થયા. તેનું સૌથી વધુ દર્દ અમેરિકાએ સહન કર્યું છે. ત્યાં દસ કરોડથી વધારે લોકો સંક્રમણનો શિકાર થયા અને સાડા દસ લાખથી વધુ લોકોનાં મોત થઈ ગયાં. બીજા સ્થળે બ્રાઝિલ છે, જ્યાં સાત લાખથી વધારે લોકો કાળનો કોળિયો બની ગયા, તો ત્રીજા સ્થાને ભારત, જ્યાં પાંચ લાખથી વધુ લોકોનાં મોત થયાં. એ વાત પણ ધ્યાન આપવા જેવી છે કે અમેરિકામાં કોવિડ-૧૯ સંબંધે કરવામાં આવેલ સાર્વજનિક સ્વાસ્થ્ય આપાતકાલીન જાહેરાત ૧૨૧ મેએ સમાપ્ત થઈ છે. જર્મની, ફ્રાન્સ, બ્રિટન સહિત કેટલાય અન્ય દેશોએ ગયા વર્ષે જ મહામારી વિરુદ્ઘ પોતાની કેટલીય જોગવાઈઓ હટાવી દીધી હતી. એકંદરે આ મહામારી અમેરિકા માટે બહુ મોટો બોધપાઠ છે. જ્યારે આપાત સ્થિતિની જાહેરાત થઈ હતી, ત્યારે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કહ્યું હતું કે કોરોનાની અસર સૌથી વધુ એ દેશો પર થશે, જ્યાં સ્વાસ્થ્ય સેવાઓનું માળખું કમજોર હશે. પરંતુ આંકડા દર્શાવે છે કે ઉત્તમ સ્વાસ્થ્ય માળખું ધરાવતું અમેરિકા પણ મહામારીથી પોતાના લોકોને બચાવી ન શક્યું. જ્યારે ભારતમાં તુલનાત્મક રીતે ઘણાં ઓછાં મોત થયાં.

સવાલ એ છે કે દુનિયામાં કોરોના મહામારીને આપાતકાલ રૂપે નહીં માનવામાં આવે, તો શું થશે? પહેલી ચિંતા કોરોના વેક્સીનને લઈને છે. કદાચ આવનાર દિવસોમાં વેક્સીનને આપણે મોંઘી થતાં જોઈશું? પેટન્ટ મામલે જે રાહત મળી છે, તે ખતમ થઈ શકે છે. એક અનુમાન છે કે દુનિયાભરમાં લગભગ પાંચ અબજ લોકોને રસીનો કમ સે કમ એક ડોઝ મળી ગયો છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને પણ પોતાની ભૂમિકાની સમીક્ષા કરવી જોઈએ. ગરીબ અને વિકાસશીલ દેશોના સ્વાસ્થ્ય પર વધુ ધ્યાન આપવાની જરૂર છે.

## ભારતીય રેલવે દ્વારા વૈષ્ણોદેવીના દર્શન માટે ખાસ પેકેજની જાહેરાત



નવી દિલ્હી, તા.૧૫

ભારતીય રેલવે દ્વારા માંવૈષ્ણોદેવીના દર્શન માટે ખાસ પેકેજની જાહેરાત કરવામાં આવી છે. જેથી જો તમે કોઈ પ્લાન કરી રહ્યા હોલ તો આ સમાચાર તમારા માટે છે. આઈઆરસીટીસી દ્વારા જાહેર કરવામાં આવેલ આ પેકેજમાં કુલ ૩ રાત અને ૪ દિવસોનું પેકેજ છે. અને ભારતીય રેલવેનું આ એક ખાસ ટ્રેન પેકેજ છે. આ પેકેજમાં જો તમને લાભ મળે છે તો તમારે થર્ડ એસીમાં યાત્રા કરવી પડશે. એટલે કે આ પેકેજમાં તમારી રહેવાની, ખાવા-પીવીની દરેક વ્યવસ્થા આઈઆરસીટીસી દ્વારા કરવામાં આવી છે. આ યાત્રામાં એકલા માટે પ્રતિ વ્યક્તિનો ચાર્જ ૧૦૩૯૫ રૂપિયા ભરવા પડશે. અને જો તેમા બે લોકો સાથે હોય તો પ્રતિ વ્યકિત ૭૮૫૫ રૂપિયા આપવા પડશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અધિક ધનથી માણસમાં આળસ વધે છે...

- ઋગ્વેદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.દએ-૧૩૯૨, મુ. શવ્વાલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, વૈશાખ વદ-૧૧ અપરા એકાદશી, પંચક તા.૧૫ મે ૨૦૨૩, સોમવાર, પારસી તા.૩, મુસ્લિમ તા.૨૪, પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્ર, વિષ્કુંભ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૧૧, સૂ.અ.૭:૨૩

આજનો દિવસ સવારે ૯:૪૭ ક. થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

ઉડી પેપર આધારિત પોર્ટેબલ ઉપકરણની શોધ

# દૂધની ભેળસેળ માત્ર ૩૦ સેકન્ડમાં શોધી શકાય એવું ઉપકરણ વિકસાવાયું

## આ ઉપકરણની મદદથી દૂધમાં યુરિયા, ડિટર્જન્ટ, સાબુ, સ્ટાર્ચ, હાઈડ્રોજન પેરોક્સાઈડ, અન્ય ભેળસેળવાળી વસ્તુઓને શોધી શકાય છે

ચેન્નાઈ,તા.૧૫

આઈઆઈટી મદ્રાસના વિજ્ઞાનીઓએ ઉડી પેપર આધારિત પોર્ટેબલ ઉપકરણની શોધ કરી છે. તેની મદદથી દૂધમાં ભેળસેળ માત્ર ૩૦ સેકન્ડમાં ઓળખી શકાય છે. આ ઉપકરણની મદદથી દૂધમાં યુરિયા, ડિટર્જન્ટ, સાબુ, સ્ટાર્ચ, હાઈડ્રોજન પેરોકસાઈડ, સોડિયમ-હાઈડ્રોજન-કાર્બોનેટ, મીઠું અને અન્ય ભેળસેળવાળી વસ્તુઓને તાત્કાલિક શોધી શકાય છે. સંશોધકોનો દાવો છે કે સામાન્ય લોકો આ ઉપકરણથી ઘરે બેઠા દૂધમાં ભેળસેળને સરળતાથી શોધી શકશે. આ સંશોધન નેચર જર્નલમાં પણ પ્રકાશિત થયું છે. આઈઆઈટી મદ્રાસના મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર અને અભ્યાસના મુખ્ય રિસર્ચર પ્રોફેસર પલ્લબ સિંહા મહાપાત્રાએ જણાવ્યું હતું કે આ ઉપકરણ સાથે પરીક્ષણ કરવા માટે માત્ર એક મિલીલીટર દૂધની જરૂર પડશે. આ પરીક્ષણ પાણી, તાજા રસ અને મિલ્કશેક જેવા પ્રવાહીમાં થતી ભેળસેળ પણ શોધી શકે છે. ઉડી પેપર-આધારિત માઈક્રોફ્લુડિક ઉપકરણ જાડા પ્રવાહીમાં પણ અશુદ્ધિઓને ચોક્કસ રીતે શોધી શકે છે. તેની ડિઝાઈનમાં વોટમેન ફિલ્ટર પેપર ગ્રેડ ૪ નો ઉપયોગ કરાયો છે, જે પ્રવાહમાં મદદ કરે છે અને વધુ રીએજન્ટના સંગ્રહ માટે પરવાનગી આપે છે. રીએજન્ટ એ પદાર્થ અથવા સંયોજન છે જે રાસાયણિક પ્રતિક્રિયા પેદા કરવા માટે સિસ્ટમમાં ઉમેરવામાં આવે છે અથવા મિશ્ર કરવામાં આવે છે. તે પદાર્થને પણ રીએજન્ટ કહેવામાં આવશે જે પ્રતિક્રિયા થાય છે કે નહીં તે ચકાસવા માટે ઉમેરવામાં આવે છે. પ્રો. મહાપાત્રાએ જણાવ્યું કે આ ટેક્નોલોજી સમય માગતી પરંપરાગત લેબ-આધારિત પરીક્ષણ કરતાં સસ્તી છે. ભારતમાં દૂધમાં ભેળસેળની ફરિયાદો વધી રહી છે, તેથી આ ટેક્નોલોજી સામાન્ય લોકો માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. ભેળસેળયુક્ત દૂધના સેવનથી કિડનીની સમસ્યા, બાળમૃત્યુ, પેટની સમસ્યાઓ, ઝાડા અને કેન્સર જેવી તબીબી સમસ્યાઓ પણ થવાની સંભાવના છે.

એપ્રિલ મહિનામાં લેવાયેલી ટેટ ૧નું પરિણામ જાહેર થયું

# ટેટ ૧નું માત્ર ૩.૭૮ ટકા પરિણામ, ૧૦૦માંથી ૪ ઉમેદવારો જ ક્વોલિફાય

અમદાવાદ, તા.૧૫

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત એપ્રિલ મહિનામાં લેવાયેલી ટેટ ૧નું પરિણામ જાહેર થયું છે. પરંતુ આ પરિણામે ભાવી પ્રાયમરી શિક્ષકોની ચિંતા વધારી છે. કારણ કે.ટેટ ૧નું માત્ર ૩.૭૮ ટકા પરિણામ જાહેર થયું છે. એટલે કે ૧૦૦ ઉમેદવારોમાંથી માત્ર ૪ ઉમેદવારો જ ટેટ ૧ની પરીક્ષામાં ક્વોલિફાય થઈ શક્યા છે.

ધોરણ ૧થી ૫માં પ્રાયમરી શિક્ષકોની ભરતી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત એપ્રિલ મહિનામાં ટેટ ૧ની પરીક્ષા લેવાઈ હતી. જેનું પરિણામ માત્ર ૩.૭૮ ટકા પરિણામ જાહેર થયું છે. છેલ્લે વર્ષ ૨૦૧૮માં ટેટ૧ની પરીક્ષા યોજાઈ હતી, જેનું પરિણામ ૮.૫ ટકા જેટલું આવ્યું હતું. એટલે કે પાંચ વર્ષ બાદ ટેટ ૧ની લેવાયેલી પરીક્ષાનું પરિણામ ૬૦ ટકા જેટલું ઘટ્યું છે. વર્ષ ૨૦૧૩માં ૧૬ ટકા જેટલું ટેટ ૧નું પરિણામ આવ્યું હતું. જે ૧૦ વર્ષ બાદ પરિણામ ગગડીને માત્ર ૩.૭૮ ટકા પર પહોંચ્યું છે. ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી માધ્યમમાં ટેટ૧ની પરીક્ષા લેવાઈ હતી. જેમાં ગુજરાતી માધ્યમનું પરિણામ માત્ર ૩.૭૯ ટકા જાહેર થયું છે. ગુજરાતી માધ્યમમાં

### છેલ્લે વર્ષ ૨૦૧૮માં ટેટ૧ની પરીક્ષા યોજવામાં આવી હતી

૮૩,૩૮૬ ઉમેદવારોમાંથી ૭૧,૧૧૯ ઉમેદવારોએ ટેટ૧ આપી હતી, જેમાંથી માત્ર ૨,૬૯૭ ઉમેદવારો ક્વોલિફાય થયા છે. અંગ્રેજી માધ્યમનું પરિણામ માત્ર ૩.૪૫ ટકા જાહેર થયું છે. જેમાં ૧,૩૫૨ ઉમેદવારોમાંથી ૧,૦૭૧ ઉમેદવારોએ આપી હતી ટેટ૧, જેમાંથી માત્ર ૩૭ ઉમેદવારો ક્વોલિફાય થયા છે. હિન્દી માધ્યમનું પરિણામ માત્ર ૩.૨૪ ટકા જાહેર થયું છે. જેમાં ૧,૩૩૭ ઉમેદવારોમાંથી ૧,૦૮૧ ઉમેદવારોએ આપી હતી ટેટ૧, જેમાંથી માત્ર ૩૫ ઉમેદવારો ક્વોલિફાય થયા છે.

સામાન્ય રીતે દરવર્ષે લેવાતી ટેટ૧ની પરીક્ષા ભરતી પ્રક્રિયાના થતી હોવાને કારણે પાંચ વર્ષે લેવાઈ હતી. રાજ્ય પરીક્ષા બોર્ડના ચેરમેન પી.કે. ત્રિવેદીએ કહ્યું કે, હવે દરવર્ષે ટેટ ૧ની પરીક્ષાનું આયોજન થશે. આ ગુણાંક સાથેનું પ્રમાણપત્ર સ્પીડ પોસ્ટ મારફતે ઉમેદવારોના રહેઠાણ પર મોકલવામાં આવશે. મહત્વનું છે કે, ટેટ૧ની પરીક્ષાના પરિણામથી ઉમેદવારોમાં નિરાશા વ્યાપી છે.

RBI ૧૦૦ ડેઈઝ-૧૦૦ પેજ અભિયાન શરૂ કરશે

# બેંકોમાં દાવા વગરના પડેલા રૂપિયા માલિકોને શોધીને પરત અપાશે

## દરેક બેંક ૧૦૦ દિવસમાં દેશના દરેક જિલ્લામાં ટોચના ૧૦૦ દાવા વગરના થાપણદારોને શોધીને રકમ ચૂકવશે

નવીદિલ્હી, તા.૧૫

આરબીઆઈ હવે બેંકોમાં દાવા વગરના પડેલા અબજો રૂપિયાના માલિકોને શોધવા માટે ૧૦૦ દિવસનું અભિયાન શરૂ કરશે. આ અભિયાનને ૧૦૦ ડેઈઝ-૧૦૦પેજ નામ આપવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ દરેક બેંક ૧૦૦ દિવસની અંદર દેશના દરેક જિલ્લામાં ટોચના ૧૦૦ દાવા વગરના થાપણદારોને શોધીને તેની રકમની ચૂકવણી કરશે.

આરબીઆઈના આદેશ પર તમામ બેંકો આગામી ૧ જૂનથી આ અભિયાનની શરૂઆત કરશે. નિયમ મુજબ કોઈપણ બચત અથવા ચાલુ ખાતું કે જે ૧૦ વર્ષ સુધી ઓપરેટ ન થતું હોય અથવા ટર્મ ડિપોઝીટ ખાતું જેમાં ૧૦ વર્ષ સુધી કોઈ દાવો ન હોય તો આવા ખાતાઓમાં પડેલી રકમને દાવા વગરની અથવા દાવો ન કરેલી રકમ તરીકે માનવામાં આવે છે. બેંકો પણ આ ગ્રાહકોનો સંપર્ક કરવાનો પ્રયાસ કરે છે. જો કોઈ દાવેદાર ન મળે તો રકમ એક વિશેષ ખાતામાં જતી રહે છે. નાણા પ્રધાન નિર્મલા સીતારમણે એક મીટિંગ દરમિયાન આ દાવા વગરની રકમ અંગે નિયમનકારોને કહ્યું હતું કે જ્યાં પણ દાવો ન કરેલી રકમ બેંકિંગ શેર, ડિવિડન્ડ, મ્યુચ્યુઅલ ફંડ અથવા વીમાના રૂપમાં જ્યા પણ રકમ પડી છે તેને નિપટાવવા માટે વિશેષ અભિયાન સંચાલન કરવામાં આવે. આર્થિક બાબતોના સચિવ અજય સેઠનું કહેવું છે કે આવા મામલાઓમાં જ્યાં નામાંકિત વ્યક્તિની માહિતી જાણી શકાતી નથી ત્યાં નિર્ધારિત પ્રક્રિયા હેઠળ પગલાં લેવામાં આવશે. જાહેર ક્ષેત્રની બેંકોમાં લગભગ રૂપિયા ૩૫ હજાર કરોડની રકમ એવી છે જેના પર કોઈએ દાવો કર્યો નથી. સરકારી બેંકોએ આ નાણાં રિઝર્વ બેંકને ટ્રાન્સફર કર્યા છે. આ નાણમાં એસબીઆઈ પાસે ૮,૦૮૬ કરોડ રૂપિયાની રકમ દાવા વગરની છે. આ મામલે પંજાબ નેશનલ બેંકમાં રૂપિયા ૫,૩૪૦ કરોડ, કેનેરા બેંકમાં રૂપિયા ૪,૫૫૮ કરોડ અને બેંક ઓફ બરોડામાં રૂપિયા ૩,૯૦૪ કરોડની રકમ છે.

આરબીઆઈના જણાવ્યા અનુસાર, તમિલનાડુ, પંજાબ, ગુજરાત, મહારાષ્ટ્ર, બંગાળ, કર્ણાટક, બિહાર, તેલંગાણા અને આંધ્રપ્રદેશની બેંકોમાં સૌથી વધુ દાવા વગરની રકમ જમા છે. આ ઉપરાંત ૩૧ માર્ચ ૨૦૨૧ સુધીમાં જીવન વીમા કંપનીઓ પાસે રૂપિયા ૨૨,૦૪૩ કરોડ અને બિન-જીવન વીમા કંપનીઓ પાસે રૂપિયા ૧,૨૪૧.૮૧ કરોડની રકમ દાવા વગરની છે. એલઆઈસી પાસે રૂપિયા ૨૧,૫૩૮.૯૩ કરોડની રકમ દાવા વગરની જમા છે.

## કેન્યામાં વિશ્વના સૌથી ઘરડા સિંહની બેરહેમીપૂર્વક હત્યા

નૈરોબી, તા.૧૫

જંગલના રાજા સિંહનો ડર એટલો બધો હોય છે કે માનવી હોય કે પ્રાણીઓ તેને જોઈને હર કોઈ પોતાનો રસ્તો બદલી નાખે છે. પરંતુ જ્યારે સિંહ ઘરડો થાય ત્યાર દરેક તેના પર હાવી થઈ જાય છે. તાજેતરમાં કેન્યામાં એક ઘરડા સિંહ સાથે આવુ જ થયું છે જે દુનિયાનો સૌથી ઘરડો સિંહ હતો. સિંહની બેરહેમી પુર્વક હત્યા કરવામાં આવી હતી. પરંતુ લોકોના કહેવા પ્રમાણે તેમના બચાવ માટે આવું કરવાનું જરૂરી થઈ ગયુ હતું.

## દેશની સુપ્રીમકોર્ટમાં હવે ૨૪ કલાક કેસ દાખલ કરી શકાશે

### ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડી.વાય.ચંદ્રચૂડે સુપ્રીમ કોર્ટમાં ઈ-ફાઈલિંગ ૨.૦ સેવાની શરૂઆત કરી

નવી દિલ્હી, તા.૧૫

આધુનિક અને પ્રજા સુધી સરળ રીતે પહોંચવાના પ્રયાસો વચ્ચે સુપ્રીમકોર્ટમાં હવે ૨૪ કલાક કેસ દાખલ કરી શકાશે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડી.વાય.ચંદ્રચૂડે સુપ્રીમ કોર્ટમાં ઈ-ફાઈલિંગ ૨.૦ સેવાની શરૂઆત કરી હતી. આ અવસરે તેમણે દેશભરમાં ઈ-કોર્ટ અને કેસની ઈ-ફાઈલિંગની જોરદાર તરફેણ કરી હતી.

સીજેઆઈએ વકીલોને કહ્યું કે હવે ઈલેક્ટ્રોનિક રીતે કેસ દાખલ કરવાની સુવિધા ૨૪ કલાક ઉપલબ્ધ રહેશે. તેમણે ટોચની કોર્ટના પરિસરમાં ઈ-સેવા કેન્દ્રનું પણ ઉદઘાટન કર્યું. જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે અમે શુક્રવારે સવારે ઈ-ફાઈલિંગ ૨.૦ સેવાની શરૂઆત કરી છે. આ સુવિધાઓ તમામ વકીલો માટે ૨૪ કલાક ઉપલબ્ધ રહેશે.

સીજેઆઈએ કહ્યું કે જે વકીલો પાસે આ સુવિધા નથી અને જે ટેક્નોલોજીથી વાકેફ નથી તેમની મદદ માટે બે સુવિધા કેન્દ્રો શરૂ કરાયા છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાએ કોર્ટની કાર્યવાહીની શરૂઆતમાં કહ્યું હતું કે તમામ વકીલોથી ઈ-ફાઈલિંગ ૨.૦નો ઉપયોગ કરવાનો આગ્રહ કરું છું. આ અવસરે કોર્ટમાં હાજર ભારત સરકારના સોલિસીટર જનરલ તુષાર મહેતા અને અન્ય વકીલોએ ટોચની કોર્ટના આ પગલાની પ્રશંસા કરી હતી. ચીફ જસ્ટિસે કહ્યું કે કોર્ટના પરિસરમાં શરૂ કરાયેલા ઈ-સેવા કેન્દ્રથી કોઈપણ વ્યક્તિ ન ફક્ત ઈ-ફાઈલિંગ સોફ્ટવેરના માધ્યમથી કેસ નોંધાવી શકશે પણ દેશભરમાં કોઈપણ કોર્ટ કે ન્યાયાધિકરણમાં લંબિત કેસની સ્થિતિ પણ જાણી શકશે.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા.૧૫-૦૫-૨૦૨૩ થી ૨૧-૦૫-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

સપ્તાહ દરમિયાન કાર્યબોજ વિશેષ રહે. જોખમી અને સાહસભર્યા કાર્યોમાં સાવધાની રાખવી. માનસિક ત્રાસ અનુભવાય. અગત્યના કાર્યમાં વિઘ્ન આવે. માનસિક સંયમ કેળવવા તેમજ લાગણી પર કાબુ રાખવો હિતાવહ. નાણાંકીય દ્રષ્ટિએ સાનુકૂળ સમય છે. હાથ ધરેલી કામગીરીમાં ઝડપથી સફળતા પ્રાપ્ત થાય. વિદ્યા-અભ્યાસને લગતા કાર્યમાં પણ સફળતા પ્રાપ્ત મળે. વ્યર્થ ક્રોધ ન થાય તેની તકેદારી રાખવી, નહિંતર અગત્યના સંબંધો તુટી જાય.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન સ્થાન પરિવર્તનના યોગ છે. કૌટુંબિક મિલ્કતના પ્રશ્નોનો ઉકેલ આવે. અલબત્ત આરોગ્યની કાળજી રાખવી હિતાવહ છે. વ્યવહારિક બાબતોમાં જાગૃતિ કેળવવી જરૂરી છે. તેમજ અચાનક વ્યર્થ ખર્ચના ભોગ ન બની જવાય તે માટે સાવચેતી રાખવી. કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં વિલંબ બાદ સફળતા પ્રાપ્ત કરી શકશો. તબિયત જાળવવી નહિંતર તકલીફમાં પડી જવાય.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન કોઈપણ નાની-મોટી ચિંતા કે જવાબદારી હશે તો તેમાંથી મૂક્તિ મેળવી શકશો. મનની બેચેની દૂર થાય. ભાગીદારી વર્ગ સાથે મતભેદ હોય તો તે દૂર કરી શકશો. આ ઉપરાંત નાણાંકીય બાબતો માટે આ સપ્તાહ મિશ્રફળદાયી ગણાવી શકાય. રોકાયેલા નાણાં પરત લેવા જતા પૂરે પૂરી સફળતા ન મળે. નોકરીયાત વર્ગને આ સપ્તાહ પ્રગતિકારક અને આશાકારક નીવડે, સ્વાસ્થય સારૂં રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન જૂના મતભેદો નિવારી શકશો. અલબત કાર્યબોજમાં વધારો થાય પરંતુ તેનું પૂરે પૂરું વળતર પણ પ્રાપ્ત કરી શકશો. અગત્યના કામકાજોમાં સફળતા મળે. સંતાનો સાથે મતભેદની શક્યતા નકારી શકાતી નથી. કંઈક નવું આયોજન વિચાર્યુ હોય તો તે પણ સફળતાપૂર્વક પાર પાડી શકશો. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન નવિન જવાબદારી અચાનક જ આવી પડે. આર્થિક બાબતને લગાત કાર્ય પૂર્ણ થાય. નવી આવકના યોગ છે. સામાજિક બાબતે કાર્યોમાં ગુંચવણ જોવા મળે. સ્વમાન ભંગ ન થાય તે માટે સાવધ રહેવું જરૂરી બને. પ્રવાસ-યાત્રા ટાળવો હિતાવહ. જો કે, આનંદ-પ્રમોદમાં વિશેષ પ્રવૃત રહેવાય અને નવિન ખરીદીઓ પણ થાય. નવા સંબંધો વિકસાવવામાં સાવધાની રાખવી જરૂરી બને. તબિયત સંભાળવી નહિંતર વાતાવરણને કારણે તકલીફ ઊભી થાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન જૂના મિત્રો, સગા-સંબંધીઓની મુલાકાત થાય. જે લાભદાયી રહે. વ્યર્થ ચિંતાને કારણે અકારણ ગુસ્સો રહ્યા કરે. જીવનસાથી કે સંતાનના આરોગ્ય અંગે સંભાળ રાખવી જરૂરી બને. આર્થિક સમસ્યા દૂર થાય. અણધાર્યો ધન લાભ થાય. અટકી પડેલા કાર્યો આ સપ્તાહમાં પૂર્ણ કરી શકશો. વાદ-વિવાદમાં ન ઉતરતા વાણી સંયમ જાળવવો હિતાવહ.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન માનસિક તાણનો અનુભવ થાય. વ્યર્થ ઉત્પાત કરતા ધીરજ ધરી કાર્યો કરવા. કોઈપણ નિર્ણય ઉતાવળે ન લેવા. નાણાંકીય મુંઝવણનો ઉકેલ મળે. આવકવૃધ્ધિના તમારા પ્રયત્નોમાં જરૂરી સફળતા મળે. તેમ છતાં કૌટુંબિક ક્ષેત્રે ખર્ચનું પ્રમાણ વિશેષ રહે. પ્રતિકૂળતામાંથી માર્ગ કાઢી શકશો. આ સપ્તાહમાં કોઈ મોટી લે-વેંચ હોય તો તે સ્થગિત રાખવી.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન એક નવિન અનુભવ અને ચંચળતા આપનાર નીવડે. ધાર્મિક કાર્યમાં પ્રવૃત્ત રહેવું. નવિન મિલન-મુલાકાત કે મુસાફરીથી હૃદય અત્યંત પ્રસન્નતાનો અનુભવ કરે. પારિવારીક સમસ્યાઓને વાટાઘાટો દ્વારા હલ લાવી શકાય. નાણાંનો દૂરવ્યય થતો અટકે. સાસરાપક્ષ કે મોશાળપક્ષ તરફથી નાનો એવો લાભ મળે. જીવનસાથી સાથે વાદ-વિવાદમાં ન ઉતરવો હિતાવહ. કોઈ ગેરસમજ ન સર્જાય તેની ખાસ સાવચેતી રાખવી. તબિયત સંભાળવી હિતાવહ.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહમાં તમારા મનના મનોરથ ધીરે-ધીરે સફળ થતા જણાય. આ ઉપરાંત પ્રિયજનથી વિશેષ લગાવ રહે. તેના સાથે મનદુઃખ હોય તો દૂર થશે. અણધાર્યો લાભ મેળવી શકશો. કોર્ટ-કચેરી અને જમીનને લગતા કાર્યોમાં લાભ પરંતુ આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. મનમાં ચિંતા હશે તે પણ દૂર થાય તેવું બને. વ્યવસાયના કાર્યમાં મહેનત વધારવી જરૂરી બને. શેર-સટ્ટા જેવા કાર્યથી દૂર રહેવું. તબિયત એકંદરે સારી રહે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન કાર્યબોજ વિશેષ રહે જેથી વ્યસ્ત રહેવાય. નાણાંકીય આયોજનોને સફળતાથી પાર પાડી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. અણધાર્યો પ્રવાસ કે મુસાફરી થાય. લાભની આશા ઠગારી નીવડે. અકારણ ક્રોધના ભોગ બનો. ગુપ્ત શત્રુવર્ગની પ્રબળતા છતાં પણ હિમ્મતથી વર્તાવથી નુકશાનીમાંથી બચી જવાય. મુંઝવણભર્યા પ્રશ્નોમાંથી માર્ગ મળે. રચનાત્મક પ્રવૃત્તિઓ વેગવંતી બને. મહત્વના નિર્ણયો કરી શકશો. તબિયત સંભાળવી.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન જમીન, મકાન, વાહન, વ્યવસાયને લગતા કાર્યો માટે સમય સાનુકૂળ રહે. એકંદરે આ સપ્તાહ દરમિયાન રોકાયેલા નાણાં છૂટા થાય. મુંઝવણમાંથી માર્ગ કાઢી શકશો. જૂના સ્નેહિવર્ગ દ્વારા પણ લાભ પ્રાપ્ત કરી શકશો પરંતુ વાણીસંયમ જાળવવો અનિવાર્ય બની જાય. જીવનસાથીને મનદુઃખ રહે. સંતાન વર્ગ દ્વારા શુભ સમાચાર મળે. મહત્વની વ્યક્તિ માટે મિલન-મુલાકાતમાં સફળતા મળે. વેપાર-ધંધામાં પ્રગતિ થાય.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન નવિન યોજનાઓ કે અગત્યના કાર્યમાં મંદગતિએ સફળતા મેળવી શકશો. શત્રુ પક્ષથી ખાસ સાવચેતી રાખવી. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં નાણાંનો વ્યય થાય તેવા સંજોગો છે. પરોપકારીના કાર્યમાં પણ સાવધાની જરૂરી છે. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહપૂર્વક રહે. જીવનસાથી સાથે મનદુઃખ કે મતભેદ હોય તો નિવારણ થાય. મોજ-શોખ તરફ આ સપ્તાહ દરમિયાન વિશેષ લગાવ રહે. ગેરસમજના ભોગ ન બનો તેની સાવચેતી રાખવી જરૂરી બને.

# નવું શૈક્ષણિક સત્ર, મોંઘવારીનો વધુ એક માર : વિદ્યાર્થીના યુનિફોર્મ, સ્ટેશનરી સહિત તમામ વસ્તુના ભાવમાં ૨૦થી ૨૫ ટકાનો ધરખમ વધારો

## દરેક વિદ્યાર્થી દીઠ નોટબુકના વધેલા ભાવના કારણે વાલીઓના બજેટમાં ૫૦૦થી ૬૦૦ રૂપિયાનો બોજો આવશે



અમદાવાદ તા.૧૫

શાળાઓમાં હાલ વેકેશન ચાલરહ્યું છે. શાળાઓ શરૂ થવાને હજુ થોડા દિવસોની વાર છે અને વેકેશન બાદ નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે. આ નવું શૈક્ષણિક સત્ર વાલીઓનાં ખિસ્સાંનો ભાર વધારશે તે વાત નિશ્ચિત છે. ખાનગી શાળાની ફી વધવાના કારણે વાલીનું બજેટ પહેલેથી જ બગડ્યું છે અને ઉપરથી સ્ટેશનરી, યુનિફોર્મ તેમજ સ્કૂલ બેગના ભાવમાં પણ વધારો થઈ ચૂક્યો છે. વિદ્યાર્થીનાં યુનિફોર્મ, સ્કૂલ બેગ, સ્ટેશનરી એમ તમામ વસ્તુના ભાવમાં ૨૦થી ૨૫ ટકાનો વધારો જોવા મળીરહ્યો છે. જેનો બોજો વાલીએ સહન કરવાનો રહેશે. વેકેશનદરમ્યાન જ બજારમાં આ તમામ વસ્તુની ઘરાકીનીકળી છે. પણગતવર્ષની તુલનાએ આ વખતે વાલીએ વધારે ભાવ ચૂકવવા પડે છે. સ્કૂલમાં ઉપયોગમાં લેવાતી વિવિધ પ્રોડક્ટસની સાથે સાથે સ્કૂલ વર્ધી માટેની રિક્ષાઓ અને વાનનાં ભાડાં પણ વધી ગયાં છે. ૮૦૦ રૂપિયાના યુનિફોર્મની કિંમત વધીને ૧૦૦૦ રૂપિયા થઈ ગઈ છે યુનિફોર્મનું વેચાણ કરતા વેપારીનાં જણાવ્યા અનુસાર યુનિફોર્મના ભાવમાં ૨૦ ટકા સુધીનો વધારો થયો છે. જે યુનિફોર્મ પહેલાં ૭૦૦ રૂપિયાનો હતો તે હવે ૮૪૦ રૂપિયા સુધીનો થઈ ગયોછે અને ૮૦૦ રૂપિયાનો યુનિફોર્મ ૧૦૦૦ રૂપિયામાં મળે છે. મોટાભાગના વાલી યુનિફોર્મની બેજોડ ખરીદતા હોય છે. આથી તેમણે ૫૦૦થી ૬૦૦ રૂપિયા વધારે ચૂકવવા પડશે. વિદ્યાર્થી સ્કૂલમાં જે વસ્તુ વાપરે છે તેમાં સ્કૂલ બેગ સૌથી મોંઘી પ્રોડક્ટ હોય છે. રસ્તા ઉપર મળતી ૪૦૦ રૂપિયાની સ્કૂલ બેગથી માંડીને દુકાનમાં મળતી ૩૦૦૦ રૂપિયાની બ્રાન્ડેડ સ્કૂલ બેગ એમ ૫૦થી ૬૦ પ્રકારની સ્કૂલ બેગ બજારમાં ઉપલબ્ધ છે. સ્કૂલ બેગના વેપારી કહે છે કે, જૂનો સ્ટોક હોય ત્યાં સુધી જૂના ભાવે સ્કૂલ બેગ વેચીશું. પણ મટિરિયલના ભાવ વધ્યા હોવાથી સ્કૂલબેગનો જે નવો સ્ટોક આવ્યો છે. તેમાં ૨૦ ટકાનો ભાવવધારો થયો છે. દરેક વાલી સરેરાશ હવે ૧૦૦૦થી ૧૫૦૦ રૂપિયાની કિંમતની સ્કૂલ બેગ ખરીદે છે. આમ સ્કૂલ બેગ દીઠ ૧૫૦થી ૨૦૦ રૂપિયા વધારે ચૂકવવા પડશે. નોટબુક ૧૦૦ પેજ, ૨૦૦ પેજ ઉપરાંત એ-૪, એ-૫ એમ અલગ-અલગ સાઈઝ અને અલગ-અલગ પ્રકારમાં મળતી હોય છે અને એ પ્રકારે તેનો ભાવ નક્કી થતો હોય છે. આ તમામ નોટબુકના ભાવમાં ૨૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. દરેક વિદ્યાર્થી દીઠ નોટબુકના વધેલા ભાવના કારણે વાલીઓનાં બજેટમાં ૫૦૦થી ૬૦૦ રૂપિયાનો બોજો આવશે. પેન્સિલ, રબર અને કલરના ભાવ પણ ૨૦થી ૨૫ ટકા વધી ગયા છે.

### રાજ્ય સરકારે બજેટમાં કરેલી જાહેરાત અમલમાં મૂકાઈ

# નારી સંરક્ષણ ગૃહો-કેન્દ્રો તથા રેસ્ક્યુ સેન્ટરની બહેનોની લગ્ન સહાય વધી

ગાંધીનગર, તા.૧૫

નારી સંરક્ષણ ગૃહો/કેન્દ્રો તથા ગ્રાન્ટેડ પ્રિવેન્ટીવ રેસ્ક્યુ સેન્ટર ખાતે આશ્રીત બહેનોના પુર્નઃજીવન માટે રાજ્ય સરકારે તેમને મળતી લગ્ન સહાય રૂા.૨૦,૦૦૦થી વધારી રૂા.૧,૫૦,૦૦૦નો નોંધપાત્ર વધારો કરવાની અંદાજપત્રમાં જાહેરાત કરી હતી. અંદાજપત્રમાં કરાયેલ જાહેરાતનો સરકાર દ્વારા હવે ત્વરિત અમલ હસ્તે ઓનલાઈન સહાય ચૂકવવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા મહિલાઓના સર્વાંગી વિકાસ અને આર્થિક ઉત્થાન માટે અનેકવિધ નિર્ણયો કરાયા છેઅને બજેટમાં કરાયેલ નવી જાહેરાતનો પણ સત્વરે આજથી અમલ શરૂ થઈ ગયો છે. જે અતર્ગત રાજ્ય સરકાર દ્વારા સંચાલિત નારી સંરક્ષણ ગૃહો/કેન્દ્રો તથા ગ્રાંટેડ પ્રિવેન્ટીવ રેસ્ક્યુ સેન્ટર ખાતે આશ્રિત મહિલાઓ સન્માનપૂર્વક જીવન જીવી શકે તે માટે લગ્ન સહાય તરીકે રૂા.૨૦,૦૦૦ની સહાય ચુકવવામાં આવતી હતી તેમાં ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં મુખ્યમંત્રી દ્વારા મહિલા કલ્યાણલક્ષી ઉદાર નીતિ થકી વધુ એક નિર્ણય કરીને આશ્રિત દીકરીના લગ્ન સહાયની રકમ રૂા.૨૦,૦૦૦થી વધારી રૂા.૧,૫૦,૦૦૦ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમા રૂા. ૫૦,૦૦૦ દીકરીનાં બેંકખાતામાં સીધા DBTથી અને રૂા.૫૦,૦૦૦ નેશનલ સેવીંગ સર્ટિફિકેટ (NSC) તેમજ રૂા. ૫૦,૦૦૦/- લગ્ન માટે આનુષાંગિકખર્ચ માટે ચૂકવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાવનગરના નારી સંરક્ષણ ગૃહની ૨૯ વર્ષીય દીકરીની ના શ્યામજી વાઘરી, જેણે ધો. ૬ સુધી અભ્યાસ કરેલ છે અને નાનપણથી અલગ અલગ સંસ્થાઓમાં ઉછરેલ છે અનેતા. ૧૧/૦૮/૨૦૧૧ના રોજ સુરત નારી સંરક્ષણ ગૃહમાંથી નિયમોનુસાર ભાવનગર નારી સંરક્ષણ કેન્દ્રમાં તબદીલ થયેલી છે. નીનાબેન છેલ્લા ૧૨ વર્ષથી નારી સંરક્ષણ કેન્દ્ર, પાલીતાણા ખાતે રહે છે અને તેમને સરકાર દ્વારા લગ્ન સહાય ચૂકવાઈ છે.

# પાઠ્યપુસ્તક મંડળના કૌભાંડની તપાસ આખરે વિજિલન્સને સોંપાઈ

## ટેન્ડર પ્રક્રિયાના તમામ દસ્તાવેજ કબ્જે કરી ઓર્ડર સ્થગિત કરતી વિજિલન્સ




ગાંધીનગર, તા.૧૫

રાજ્યમાં ચર્ચાસ્પદ એવા પાઠ્યપુસ્તક મંડળના કથિત કાગળ કૌભાંડની તપાસ વિજિલન્સનેસોંપવામાં આવી છે. વિજિલન્સને તપાસ સોંપતા ટેન્ડરની પ્રક્રિયાના તમામ દસ્તાવેજ વિજિલન્સ દ્વારા કબ્જે કરાયા બાદ હવે કાગળનો ઓર્ડર ઉપર સ્થગિત કરી દેવામાં આવ્યો છે. વિજિલન્સનો રિપોર્ટ આવ્યા બાદ ટેન્ડર અંગે આખરી નિર્ણય કરવામાં આવશે. જો ગેરરીતિ થઈ હશે તો સંડોવાયેલા લોકો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાના આદેશ શિક્ષણ વિભાગ તરફથી આપવામાં આવી શકે તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. આ કૌભાંડ હેઠળ મુખ્યમંત્રી કક્ષાએ થયેલી ફરિયાદમાં સરકારી તિજોરીને રૂપિયા ૬૦ કરોડનું નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનો દાવો કરવામાં આવ્યોછે. ટેન્ડરને લગતા તમામ ડોક્યુમેન્ટ પાઠ્યપુસ્તક મંડળ પાસેથી વિજિલન્સે કબજે કર્યા હતા. ટેન્ડર ફાળવણીની ગડબડમાં ૬૦ કરોડના નુકસાનનો દાવો કરાયો હતો. પાઠ્યપુસ્તક મંડળ દ્વારા કાગળોની ખરીદી માટે ટેન્ડર મંગાવ્યા હતા અને બાદમાં કાગળખરીદવાના ઓર્ડર કરાયા હતા. દરમ્યાન મુખ્યમંત્રી કક્ષાએ એક ફરિયાદ કરવામાં આવી કે ટેન્ડરમાં એક મિલ દ્વારા પ્રતિ કિલો કાગળનો ભાવ રૂ. ૯૦ ભર્યો હતો આમ છતાં ટેન્ડર પ્રતિ કિલો રૂ. ૧૦૮.૮૦ ભાવથી મંજૂર કરીને ઓર્ડર આપવામાં આવ્યો છે. જેનો કારણે ટેન્ડર ફાળવણીની ગરબડીથી ૬૦ કરોડ રૂપિયાનું સરકારી તિજોરીને નુકસાન થવા પામ્યું હોવાનું ફરિયાદમાં જણાવાયુંછે. ફરિયાદ બાદ કથિત કાગળ કૌભાંડની તપાસ વિજિલન્સને સોંપાઈ હતી. વિજિલન્સે ટેન્ડરને લગતા તમામ ડોક્યુમેન્ટ પાઠ્યપુસ્તક મંડળ પાસેથી કબ્જે કર્યા હતા. દરમ્યાન કાગળનો ઓર્ડર સ્થગિત કરવામાં આવ્યો છે. ટેન્ડર બાદ પાઠ્યપુસ્તક મંડળે ૩૨ હજાર મેટ્રિક ટનનો ઓર્ડર આપ્યો હતો તે ઘટાડીને ૧૨ હજાર મેટ્રિક ટનનો કરાયો હતો. વિજિલન્સનેતપાસ સોંપાયા બાદ ઓર્ડર ૧૨ હજાર મેટ્રિક ટનના બદલે ૫ હજાર મેટ્રિક ટન કરી દેવાયો હતો. પુસ્તકોના છાપકામમાં અસર ન થાય માટે હાલ ટેન્ડર રદ કરાયું નથી.

### અમેરિકામાં સિટીઝનશિપ એક્ટ રજૂ કરાયો

# ૧.૧૦ કરોડ ડોક્યુમેન્ટ વગરના ઈમિગ્રન્ટ્સને સિટીઝનશિપ અપાશે

વોશિંગ્ટન, તા.૧૫

અમેરિકામાં સત્તાધારી ડેમોક્રેટિક પાર્ટીએ તાજેતરમાં સિટિઝનશિપ એક્ટ રજૂ કર્યો છે જેના કારણે દાયકાઓથી ગ્રીન કાર્ડની રાહ જોઈ રહેલા ઈમિગ્રન્ટ્સને મોટો ફાયદો થવાનો છે. હાલમાં ગ્રીન કાર્ડ ઈશ્યૂ કરવા માટે દેશ મુજબ ક્વોટાનું પાલન કરવામાં આવે છે. પરંતુ સિટિઝનશિપ એક્ટ અમલમાં આવે ત્યાર પછી આ ક્વોટા નાબૂદ કરવામાં આવશે. એટલે કે કોઈ દેશના ઓછામાં ઓછા આટલા લોકોને ગ્રીન કાર્ડ આપવા તેવો કોઈ નિયમ નહીં રહે. આ ઉપરાંત એચ-૧બી વિઝા સિસ્ટમમાં પણ ફેરફાર કરવામાં આવશે. તેના હેઠળ અમેરિકામાં વસતા તમામ ૧.૧૦ કરોડ ડોક્યુમેન્ટ વગરના ઈમિગ્રન્ટ્સને સિટિઝનશિપ આપવાની યોજના છે. તેમાં ડ્રીમર્સ, ટીપીએસ હોલ્ડર્સ અને કેટલાક ફાર્મ વર્કર્સ પણ સામેલ હશે. અમેરિકામાં જે અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સ બેકગ્રાઉન્ડ ચેકમાં પાસ થયા હશે અને ટેક્સ ભરતા હશે તેમને પાંચ વર્ષમાં સિઝિટનશિપ મળી જશે અને આ લોકોને ડિપોર્ટેશનની ચિંતા કરવી નહીં પડે. આ કાયદા હેઠળ દરેક દેશનો ક્વોટા દૂર કરાશે અને એમ્પ્લોયમેન્ટ આધારિત ઈમિગ્રેશન સિસ્ટમ રાખવામાં આવશે. અમેરિકન યુનિવર્સિટીઓમાંથી સ્ટીમ એટલે કે સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને મેથ્સમાં એડવાન્સ્ડ ડિગ્રી મેળવનારા લોકો માટે અમેરિકામાં રહેવાનું આસાન બની જશે. ઓછું વેતન હોય તેવી ઈન્ડસ્ટ્રીમાં કામ કરતા વર્કર્સ માટે પણ ગ્રીન કાર્ડ મેળવવાનું સરળ બનશે. તેથી એચ-૧બી હોલ્ડર્સના આશ્રિતોને વર્ક ઓથોરાઈઝેશન મળશે અને એચ-૧બી હોલ્ડર્સના બાળકોને ઘણો ફાયદો થશે. આ એક્ટ હેઠળ એક પાઈલોટ પ્રોગ્રામ રચાશે જેથી પ્રાદેશિક ઈકોનોમિક ડેવલપમેન્ટ વધશે અને નોન-ઈમિગ્રન્ટ્સને પણ વધુ સારૂં વેતન મળશે, તેમને હાઈ-સ્કીલ્ડ વિઝા આપી શકાશે જેથી તેમને અનફેર કોમ્પિટિશન સામે રક્ષણ મળે. સિટિઝનશિપ એક્ટ હેઠળ ફેમિલી બેઝ્ડ ઈમિગ્રેશન સિસ્ટમ રચવામાં આવશે જેથી પરિવારો વિખુટા ન પડે અને એક સાથે રહી શકે. તેમાં અગાઉના વર્ષોના વિઝા રિકેપ્ચર કરીને બેકલોગ દૂર કરાશે. નવા કાયદા પ્રમાણે સજાતિય સંબંધો ધરાવતા એલજીબીટીક્યુ પરિવારો સામેનો ભેદભાવ દૂર કરાશે અને અનાથ, વિધવા, તથા બાળકોને રક્ષણ મળશે. એપ્રૂવ્ડ ફેમિલી સ્પોન્શરશિપ એપ્લિકેશન કરનારા લોકો ગ્રીન કાર્ડની રાહ જોતા હોય તે દરમ્યાન તેમના પરિવારને કામચલાઉ ધોરણે યુએસમાં રાખી શકશે. સિટિઝનશિપ એક્ટ રજૂ કરનારા સાંસદ સ્વયં મેક્સિકોથી આવેલા એક ઈમિગ્રન્ટના પુત્રી છે. તેઓ માને છે કે, યુએસ સિટિઝનશિપ એક્ટથી અમેરિકાના અર્થતંત્રનો ઝડપી ગ્રોથ કરીશકાશે, યુએસની સરહદો વધુ સુરક્ષિત બનશે અને અમેરિકામાં વસતા અને વર્ષોથી કામ કરતા લાખો ઈમિગ્રન્ટ્સને સિટિઝનશિપ મળશે.

# NCBએ આર્યન ખાન ડ્રગ્સ કેસમાં અધિકારીને બરતરફ કર્યો

મુંબઈ, તા.૧૫

નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરો (NCB)એ પોલીપ્ર સુપ્રિટેન્ડેન્ટ વિશ્વ વિજય સિંહને સર્વિસમાંથી હટાવી લીધા છે. તે બોલીવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાન અને અન્યોની સંડોવણીમાં મુંબઈમાં ૨૦૨૧ ક્રૂઝ ડ્રગ્સ દરોડા કરનારી ટીમનો ભાગ હતા. અધિકારીને એક અસંબંધિત મામલામાં એજન્સીમાં દૂર કરી દેવામાં આવ્યા છે, ના કે આર્યન ખાનથી સંકળાયેલી તપાસના ભાગરૂપે. સત્તાવાર સૂત્રો તરફથી માહિતી આપવામાં આવી હતી કે વિશ્વ વિજય સિંહને ગયા વર્ષે એપ્રિલથી પહેલાં સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા, જ્યારે NCB દ્વારા તેમના આચરણ સંબંધમાં તપાસ કરવામાં આવી રહી છે. એમાં કહેવામાં આવ્યું હતું કે તેમના આચરણ સંબંધિત તપાસ હાલમાં પૂરી કરવામાં આવી હતી, જે પછી તેમને સર્વિસમાંથી દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. NCBના ડિરેક્ટર જનરલ સત્ય નારાયણ પ્રધાને રિપોર્ટની પુષ્ટિ કરી હતી, પરંતુ સિંહે ટિપ્પણી કરવાથી ઈન્કાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે આ મામલો ગૃહ મંત્રાલયની પાસે છે. NCBની મુંબઈ ટીમની સામે આરોપો પછી ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડે પણ સામેલ હતા. કોર્ડેલિયા દરોડામાં એક અલગ સતર્કતા તપાસ શરૂ કરવામાં આવી હતી, જે નવેમ્બર, ૨૦૨૧માં પૂરી થઈ હતી. જેને પરિણામે સાત અધિકારીઓની સામે વિભાગીય કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જો કે તપાસમાં શું સામે આવ્યું છે, એ જાહેર કરવામાં નથી આવ્યું. બીજી ઓક્ટોબર, ૨૦૨૧એ આર્યન ખાન અને કેટલાક અન્ય લોકોએ NCB દ્વારા ડ્રગ રાખવા, એનિં સેવન કરવાને દાણચોરી કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી, જે મુંબઈના આંતરરાષ્ટ્રીય ક્રૂઝ ટર્મિનલ કોર્ડેલિયા ક્રૂઝ શિપમાં મારવામાં આવેલા દરોડાથી જોડાયેલો હતો.

# બાંગ્લાદેશ અને શ્રીલંકાનો UAEમાં રમવાનો ઈન્કાર

નવી દિલ્હી, તા.૧૫

ક્રિકેટ જગતમાં મિની વર્લ્ડ કપ તરીકે ઓળખાતો એશિયા કપ આ વર્ષે રમાવાનો છે. અગાઉ ૨૦૨૩ એશિયા કપ પાકિસ્તાનમાં યોજાવાનો હતો, પરંતુ BCCIએ ટીમ ઈન્ડિયાને ત્યાં મોકલવાનો ઈન્કા કરી દીધો હતો. આ પછી ટૂર્નામેન્ટ UAEમાં યોજાવાની આશા હતી, પરંતુ આ દરમ્યાન એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. ક્રિકેટ વેબસાઈટ ક્રિકબઝના રિપોર્ટ અનુસાર, શ્રીલંકા અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ યુએઈમાં એશિયા કપ રમવાનો ઈન્કાર કરી રહ્યા છે. બંને ક્રિકેટ બોર્ડનું કહેવું છે કે જો એશિયા કપ UAEમાં યોજાશે તો તેમના ખેલાડીઓ આ ટૂર્નામેન્ટમાં નહીં રમે. રિપોર્ટ અનુસાર, ભારતે પાકિસ્તાન જવાનો ઈંકાર કર્યા બાદ PCB 2023 એશિયા કપ પાકિસ્તાન અને UAEમાં કરાવવા ઈચ્છે છે. પરંતુ સપ્ટેમ્બરની ગરમીને કારણે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ અને શ્રીલંકા ક્રિકેટ UAEમાં મેચો રમવા માટે સહમત ન હતા. આવી સ્થિતિમાં હવે આ ટૂર્નામેન્ટ શ્રીલંકામાં યોજાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડનું કહેવું છે કે જો તેઓ એશિયા કપના યજમાન ન હોય તો તેઓ આ ટૂર્નામેન્ટમાં ભાગ નહીં લે. શ્રીલંકા ક્રિકેટ અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે UAEમાં એશિયા કપ રમવા પાછળ સપ્ટેમ્બર મહિનાની ગરમીનો ઉલ્લેખ કર્યો છે. જો કે, એવું કહેવામાં આવી રહ્યું છે કે આ પછી પીસીબીએ દલીલ કરી છે કે સપ્ટેમ્બરમાં ત્યાં કેટલીક ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક દિવસોમાં દુબઈની મુલાકાતે ગયેલા PCB વડા નજમ સેઠીએ BCB અને SLC અધિકારીઓ સાથેની તેમની બેઠકમાં જણાવ્યું હતું કે ૫૦-ઓવરનો એશિયા કપ ૨૦૧૮માં ૧૫ થી ૨૮ સપ્ટેમ્બર દરમ્યાન યોજાયો હતો, જેના માટે BCCI નિયુક્ત યજમાન હતું. તેણે એમ પણ કહ્યું કે એશિયા કપ ત્યાં ૨૭ ઓગસ્ટથી ૧૧ સપ્ટેમ્બર સુધી ૨૦-૨૦ ફોર્મેટમાં યોજાયો હતો. રિપોર્ટ અનુસાર, PCB પાકિસ્તાન-UAEના હાઈબ્રિડ મોડલ માટે દબાણ કરી રહ્યું છે, જેમાં નિષ્ફળ જવાથી તે ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ જશે.

# અગનભઠ્ઠીમાં શેકાઈ રહેલું ગુજરાત : રાજ્યના મોટાભાગના ક્ષેત્રોમાં ગરમી ૪૩ ડિગ્રીને પાર

## કમોસમી વરસાદ બાદ હવે રાજ્યભરમાં ગરમીનો કહેર : ઉનાળો હજુ વધુ આકરો બનવાની શકયતા : 'મોચા' વાવાઝોડાની અસરને કારણે ગુજરાતનું હવામાન સૂકું રહેશે




અમદાવાદ, તા.૧૫

કમોસમી વરસાદ બાદ હવે સમગ્ર ગુજરાતમાં આગ ઝરતી ગરમીએ લોકોને બાનમાં લીધા છે. રાજ્યના અનેક ભાગોમાં ગરમીનો પારો ૪૩ ડિગ્રીને પાર પહોંચતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. અમુક સ્થળોએ ૪૪ ડિગ્રી સુધી પણ તાપમાન નોંધાયું હતું. ઉનાળો હજુ વધુ આકરો બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તાજેતરમાં જૂનાગઢમાં ગરમીએ રૌદ્ર સ્વરૂપ બતાવતા ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર ગયો હતો. જૂનાગઢનું તાપમાન ૪૪.૨ ડિગ્રી નોંધાયું હતું. જૂનાગઢ ઉપરાંત પાટણમાં ૪૪.૬ ડિગ્રી ગરમી નોંધાઈ હતી. તેમજ રાજકોટમાં ૪૩.૯ ડિગ્રી ગરમી નોંધાઈ હતી. આ વર્ષે રાજ્યમાં માવઠાના માર બાદ ઉનાળાની ગરમી આક્રમક બની રહી હોય તે રીતે જાણે આકાશમાંથી અગનવર્ષા વરસીરહી છે. છેલ્લા ત્રણથી ચાર દિવસથી ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. ત્યારે હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી દિવસોમાં તાપમાનનોપારો આનાથી વધારે ઊંચકાશે. આટલી ગરમીમાં જ લોકો ત્રાહિમામ પોકારી ગયા છે તો તાપમાનનો વધારો થશે તો લોકોની હાલાકીમાં વધારો થશે. બીજી તરફ મોચા વાવાઝોડાની અસરને કારણે રાજ્યમાં હવામાન સૂકું રહેવાની આશંકા વર્તાઈ રહી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર, ડો. મનોરમા મોહંતીએ આગાહી અંગે જણાવતા કહ્યુ છે કે, આગામી પાંચ દિવસ રાજ્યમાં માવઠું થવાની સંભાવના નથી. મોટાભાગે હવામાન સૂકું રહેવાની શક્યતાઓ છે. દિવસના તાપમાનમાં વધારો થવાની સંભાવનાઓ છે. જેમાં આગામી ચાર-પાંચ દિવસમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો નોંધાઈ શકે છે. આ ઉપરાંત તેમણે જણાવ્યું કે, રાજસ્થાનને અડીને આવેલા ગુજરાતના ઉત્તર ભાગ સહિત રાજ્યના મધ્ય અને પૂર્વના જિલ્લાઓમાં ગરમી વધી શકે છે. રાજ્યનાં અનેકવિસ્તારોમાં તાપમાન વધીને ૪૨થી ૪૪ ડિગ્રી સુધી જવાની સંભાવના છે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાઈ પટ્ટીના ભાગો જેવા કે, પોરબંદર, જૂનાગઢ, ગીર-સોમનાથ, અમરેલીમાં તાપમાન વધીને ૪૦ ડિગ્રી સુધી જઈ શકે છે. આ સિવાય દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ અને નવસારીમાં પણ ૪૦ ડિગ્રી સુધી તાપમાન નોંધાઈ શકે છે. ગાંધીનગરમાં પણ અમદાવાદની જેમ જ મહત્તમ તાપમાનનો પારો ઊંચો જવાની શક્યતા છે.

# કોરોનાની વૈશ્વિક કટોકટીનો અંત... પણ સાવધાની જરૂરી

નવી દિલ્હી તા.૧૫

કોરોનારોગચાળો સંપૂર્ણપણે દૂર થયો નથી, પરંતુ વિશ્વ આરોગ્ય સંસ્થાએ જાહેર કર્યું છે કે કોવિડ-૧૯ હવે વૈશ્વિક કટોકટી રહી નથી. ગયા વર્ષે જ કોરોનાનું વિનાશક સ્વરૂપ ભૂતકાળ બની ગયું હતું અને હવે વિશ્વ આરોગ્ય સંસ્થાની જાહેરાત એક રીતે પ્રતીકાત્મક છે. આ જાહેરાતની તાત્કાલિક કોઈ મોટી અસર થવાની નથી. વિશ્વના વિવિધ દેશોમાં આ અંગે અલગ-અલગ પ્રોટોકોલ છે, જે આગામી દિવસોમાં પણ ચાલુ રહી શકે છે. સદીના સૌથી ખરાબ રોગચાળાનો કટોકટીનો તબક્કો પૂર્ણ થયો છે કે જેના લીધે વિશ્વભરમાં ઓછામાં ઓછા ૭૦ લાખ લોકોના મૃત્યુ થયા હતા તે હવે સમાપ્ત થઈ શકે છે, જો કે, વિશ્વઆરોગ્ય સંસ્થાના જણાવ્યા મુજબ, આ રોગચાળો હજી સમાપ્ત થયો નથી. સાચી ખુશી એ દિવસે હશે જ્યારે રોગચાળાના અંતની જાહેરાત કરવામાં આવશે. દક્ષિણપૂર્વ એશિયા અને મધ્ય પૂર્વમાં હજુ પણ કેસ વધી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રની આ આરોગ્ય એજન્સીનું કહેવું છે કે હજુ પણ દર અઠવાડિયે હજારો લોકો આ વાયરસથી મરી રહ્યા છે. આ આરોગ્ય એજન્સીએ સૌપ્રથમ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ કોરોના વાયરસને વૈશ્વિક કટોકટી જાહેર કરી હતી અને એ પછી આ ચેપ ચીનમાં અને અન્ય કેટલાક દેશોમાં ફેલાયો હતો. ધીરે ધીરે આ ચેપ આખી દુનિયામાં ફેલાઈ ગયો અને દુનિયાને એક મોટી વ્યાપક દુર્ઘટનાનો સામનો કરવો પડ્યો હતો. ત્રણ વર્ષથી વધુ સમયથી વિશ્વમાં ૭૬ કરોડ ૪૦ લાખ લોકો આ મહામારીથી સંક્રમિત થયા હતા. તેના કારણે સૌથી વધુ નુકસાન અમેરિકાને થયું છે. ત્યાં દસ કરોડથી વધુ લોકો આ ચેપનો શિકાર બન્યા અને દોઢ લાખથી વધુ લોકોનાં મોત થયા હતા. બીજા સ્થાને બ્રાઝિલ છે, જ્યાં સાત લાખથી વધુ લોકોનાં મોત થયા છે, તો ત્રીજા સ્થાને ભારત છે, જ્યાં ૫ લાખ ૩૦ હજારથી વધુ લોકોનાં મોત થયા છે. જર્મની, ફ્રાન્સ અને યુકે સહિત અન્ય કેટલાક દેશોએ પાછલા વર્ષમાં આ રોગચાળાના લેખો પ્રકાશિત કર્યા છે. તેની ઘણી જોગવાઈઓ સામે એકંદરે, આ રોગચાળો અમેરિકા માટે વિશાળ બોધપાઠ છે. જ્યારે કટોકટીની સ્થિતિની ઘોષણા કરવામાં આવી ત્યારે વિશ્વ આરોગ્ય સંસ્થાએ કહ્યું હતું કે કોરોનાની સૌથી વધુ અસર તે દેશો પર થશે જ્યાં સ્વાસ્થ્ય માળખાકીય સુવિધાઓ નબળી છે. આજે આંકડા કહી રહ્યા છે કે મજબૂત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતું અમેરિકા પણ પોતાના લોકોને મહામારીથી બચાવી શક્યું નથી. આ માટે, બે બાબતો યાદ રહેશે, જેમાં પ્રથમ અમેરિકી વહીવટીતંત્ર આ જોખમને સમજવામાં મોડું પડ્યું અને બીજું, અમેરિકનોની રોગપ્રતિકારક શક્તિ તુલનાત્મક રીતે નબળી પુરવાઈ થઈ હતી. હવે સવાલ એ છે કે જ્યારે વિશ્વમાં કોરોના રોગચાળાને ઈમરજન્સી તરીકે ગણવામાં નહીં આવે ત્યારે શું થશે ? પ્રથમ ચિંતા કોરોના રસી વિશે છે. કદાચ આવનારા દિવસોમાં રસી વધુ મૂલ્યવાન બનશે? પેટન્ટ બાબતે જે છૂટ મળી છે તે સમાપ્ત થઈ શકે છે. એવો અંદાજ છે કે વિશ્વભરમાં લગભગ પાંચ અબજ લોકોને રસીનો ઓછામાં ઓછો એક ડોઝ મળ્યો છે. વિશ્વઆરોગ્ય સંસ્થાએ પણ તેની ભૂમિકાની સમીક્ષા કરવી જોઈએ. ગરીબ અને વિકાસશીલ દેશોના સ્વાસ્થ્ય ઉપર વધુ ધ્યાન આપવાની જરૂર છે. ખાસ કરીને ભારતે તેના જાહેર આરોગ્ય માળખાનો ખૂબ જ ઝડપથી વિકાસ કરવો જોઈએ. કારણ કે કોરોના કાળમાં ભારતની કથળેલી આરોગ્ય વ્યવસ્થા જે રીતે ઉજાગર થઈ છે એ દેશની પ્રગતિની ઝાંખપ લગાવે છે.

# આતંકીઓને બ્લેક લિસ્ટમાં નાખવાના ભારતના પ્રસ્તાવ સામે ચીને રોડાં નાખ્યા

વોશિંગ્ટન, તા.૧૫

આંતરરાષ્ટ્રીય મંચ ઉપર આતંકવાદ અંગે ફરી એકવાર ચીન ઉઘાડું પડી ગયું છે. પાકિસ્તાનમાં આવેલા આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના આતંકી અબ્દુલ રઉફ અઝહરને બ્લેક લિસ્ટમાં નાખવાના ભારતના પ્રસ્તાવ સામે ચીને અડિંગો નાખ્યો હતો અને વાંધો વ્યક્ત કર્યો. રઉફ અઝહર જૈશના વડા મસૂદ અઝહરનો ભાઈ છે. તે ૧૯૯૯માં ઈન્ડિયન એરલાઈન્સના વિમાન આઈસી૮૧૪ના અપહરણ, ૨૦૦૧માં સંસદ ઉપર હુમલા અને ૨૦૧૬માં પઠાણકોટમાં ભારતીય વાયુસેનાના મથક ઉપર હુમલા સહિત ભારતમાં અનેક આતંકી હુમલાનું કાવતરું ઘડવામાં સામેલ હતો. ઉલ્લેખનીય છે કે ચીને ભારત તરફથી સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ૧૨૬૭ આઈએસઆઈએલ અને અલ કાયદા પ્રતિબંધિત યાદીમાં રઉફ અઝહરને સામેલ કરવાના પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. અમેરિકાએ ૨૦૧૦માં રઉફ અઝહર ઉપર પ્રતિબંધ ન મૂક્યો હતો. ગત વર્ષે ઓગસ્ટમાં પણ ચીને રઉફ અઝહરને આંતરરાષ્ટ્રીય આતંકી જાહેર કરવાના ભારત અનેઅમેરિકાના પ્રસ્તાવને વીટો કરી અટકાવી દીધો હતો.

# બાર્ડ ઉપર વ્યક્તિગત માહિતી શેર ન કરવા ગુગલની યુઝર્સને ચેતવણી

## બાર્ડ યુઝરનો અંગત ડેટા એકત્ર કરે છે, બાર્ડ માત્ર પ્રયોગ , ગુગલે ચેટબોટ ગુગલ બાર્ડને લોન્ચ કર્યું

વોશિંગ્ટન, તા.૧૫

ગૂગલે તેની વાર્ષિક ઈવેન્ટમાં આર્ટિફીસિયલી (એઆઈ)ચેટબોટ ગુગલ બાર્ડને લોન્ચ કર્યુ છે. પરંતુ ગુગલે આ બાર્ડ લોન્ચ કરતાની સાથે તેના ઉપયોગને લઈને કેટલીક ચેતવણીઓ પણ આપી છે. બોર્ડની સેવાઓના નિયમો અને શરતો પ્રમાણે ગુગલે તેના વપરાશકર્તાઓને ચેતવણી આપે છે કે તેઓ બાર્ડ સાથે પોતાની વ્યક્તિગત માહિતી શેર ન કરે. આ બાબતે ગૂગલનું કહેવું છે કે બાર્ડ યુઝરનો અંગત ડેટા એકત્ર કરે છે. તેથી યુજર્સને ચેતવણી આપવામાં આવી છે તમારી કોઈપણ સંવેદનશીલ માહિતી લીક થવાની સંભાવના રહેલી છે. આ બાબતે ગુગલનું કહેવુ છે કે બાર્ડ માત્ર એક પ્રયોગ છે અને આ કેટલીક બાબતોમાં ખોટી અથવા વિપરીત પ્રતિક્રિયા આપી શકે છે. ગુગલ બાર્ડને વધુ સારુ બનાવવા માટે યુજર્સના ડેટાને રેકોર્ડ કરે છે. બાર્ડ ગુગલના યુજર્સના એકાઉન્ટથી ડેટાને ડિફોલ્ટ કરી ૧૮ મહિના સુધી સ્ટોર રહે છે.આ મુદ્દે ગુગલેએ પણ વાત કરી છે કે કઈ કઈ




વસ્તુઓ પર ભરોશો કરવો જોઈએ. આમાં કહેવામાં આવ્યુ છે કે લોકોને આરોગ્ય, કાનુન, નાણાકીય અથવા અન્ય વ્યાવસાયિક સલાહ તરીકે આધાર રાખવો જોઈએ નહીં. ગુગલે તેના વપરાશકર્તાઓને ચેતવણી આપે છે કે તેઓ બાર્ડ સાથે પોતાની વ્યક્તિગત માહિતી શેર ન કરે. તેથી યુજર્સને ચેતવણી આપવામાં આવી છે તમારી કોઈપણ સંવેદનશીલ માહિતી લીક થવાની સંભાવના રહેલી છે. ગુગલના જણાવ્યા પ્રમાણે બાર્ડ એક એઆઈચેટબાર્ડ છે. એટલા માટે યુજર્સ સાથે કરવામાં આવેલ ચેટનો ડેટા રેકોર્ડ કરવામા આવે છે. આ સિવાય તમારી ડિવાઈસ ઈન્ફોર્મેશન, લોકેશન અને ફીડબેકના ડેટાનો પણ રેકોર્ડ કરે છે.

### ઉદયપુરમાં ૩૭૫ વર્ષ જૂનું વિષ્ણુ મંદિર

# સરકારના દેવસ્થાન વિભાગ સામે મંદિરના પંડિતોએ મોરચો માંડ્યો

ઉદયપુર, તા.૧૫

રાજસ્થાનનું વિશ્વપ્રસિદ્ધ વિષ્ણુ મંદિર ઉદયપુરમાં છે. આ મંદિરની ખૂબ જ પ્રાચીન માન્યતાઓ છે અને આ લગભગ પોણા ૪૦૦ વર્ષ પ્રાચીન વિષ્ણુ મંદિર છે. પરંતુ અત્યારે આ મંદિરના પંડિત વિરોધ કરી રહ્યા છે. તેમણે સરકારના દેવસ્થાન વિભાગ વિરુદ્ધ મોર્ચો ખોલી દીધો છે. પંડિતોએ દેવસ્થાન વિભાગ પર કેટલાક આરોપ પણ લગાવ્યા છે. સૌથી મોટો આરોપ છે કે આટલા ઐતિહાસિક અને પ્રાચીન મંદિરનું દેવસ્થાન વિભાગ તરફથી ૪૦ વર્ષોથી ધ્યાન આપવામાં આવી રહ્યુ નથી. દરમિયાન મંદિરની સ્થિતિ બગડતી જઈ રહી છે. દેવસ્થાન વિભાગના જવાબદાર અધિકારીઓની બેદરકારીના કારણે આ પ્રસિદ્ધ મંદિરની હાલત જર્જરિત થતી જઈ રહી છે. સમયસર આ મંદિર પર ધ્યાન આપવામાં ન આવ્યુ તો આ ઐતિહાસિક મંદિરનું અસ્તિત્વ પણ જોખમાઈ શકે છે. દેવસ્થાન વિભાગ અંતર્ગત આવતા જગદીશ મંદિર મેવાડનું સૌથી મોટુ વિષ્ણુ મંદિર છે. આ મંદિર લગભગ ૩૭૧ વર્ષ પ્રાચીન છે અને મંદિરનું નિર્માણ મહારાણા સજ્જન સિંહ દ્વારા કરવામાં આવ્યુ હતુ જ્યારે દરબારનો સમય હતો ત્યારથી જ મંદિરની સેવા માટે પૂજારી નિયુક્ત કરવામાં આવ્યા હતા. આઝાદી બાદ તમામ મંદિરનો વિલય દેવસ્થાન વિભાગમાં કરી દેવાયો. તે સમયે જગદીશ મંદિરમાં પૂજારી પરિવાર સિવાય લગભગ ૨૫ સેવાદાર અલગથી હતા જેમાં ચોકીદાર, નોકર, કલીનર વગેરે હતા. જગદીશ મંદિરમાં ઠાકુર જી જગન્નાથ સ્વામીના સ્વયંના એટલા આભૂષણ હતા કે દર પૂજાના સમયે તેમને અલગ આભૂષણ ધારણ કરાવવામાં આવતા હતા. વર્તમાનમાં ચાલી રહેલી અવ્યવસ્થાઓને જોતા તમામ ધર્મ સંગઠનોની સાથે પૂજારી પરિષદે મંદિરમાં એક મહાસભાનું આયોજન કર્યુ. પૂજારી પરિષદના હેમેન્દ્ર પૂજારીએ જણાવ્યુ કે મંદિર જ્યારથી દેવસ્થાન વિભાગના અંતર્ગત આવ્યુ છે ત્યારથી મંદિરની હાલત વધુ ખરાબ થઈ ગઈ છે. દર મહિને લગભગ ૨ કે ૩ મોટુ આયોજન મંદિરમાં થાય છે. જગદીશ મંદિરમાં મુખ્ય આયોજન કૃષ્ણ જન્માષ્ટમી, નિર્જળા એકાદશી, મંદિરનો પાટોત્સવ, રથ યાત્રા તથા દર મહિનાની બંને એકાદશી પર મંદિરમાં ઘણા મોટા અને ભવ્ય આયોજન થાય છે. વર્તમાનમાં જો મંદિરની સ્થિતિ જોવામાં આવે તો છેલ્લા ૪૦-૫૦ વર્ષોથી દેવસ્થાન વિભાગે મંદિર પર ધ્યાન આપ્યુ નથી. દેવસ્થાન વિભાગ દર વર્ષે માત્ર એક વખત મંદિર આવે છે અને મંદિરની તિજોરીના તમામ રૂપિયા લઈને જતા રહે છે. વર્તમાનમાં મંદિરમાં કોઈ પણ સેવાદાર હાજર નથી. ઠાકુરજીના તમામ પ્રકારના આભૂષણ સંપૂર્ણરીતે તૂટી ચૂક્યા છે. પૂજારી પરિષદની સાથે-સાથે આ સમસ્યાઓને ભક્તોએ અને તમામ ધર્મ સંગઠનોએ પણ વારંવાર લેખિતમાં દેવસ્થાન વિભાગને કરી છે પરંતુ છેલ્લા ૪૦ વર્ષોથી અત્યાર સુધી દેવસ્થાન વિભાગે એક વાર પણ કોઈ પણ પ્રકારના આભૂષણનું ના તો સમારકાર કરાવ્યુ છે અને ના તેમને બદલવામાં આવ્યા છે. આ મંદિર પોતે પોતાનો ખર્ચ ઉઠાવી રહ્યુ છે.

# ખંભાળિયાની જાણીતી પ્રેસિડેન્ટ સ્કૂલનો મંગળવારે વાર્ષિક મહોત્સવ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

ખંભાળિયામાં ધરમપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં સિંહણ રોડ તરફ આવેલી જાણીતી ધી પ્રેસિડેન્ટ સ્કૂલના વાર્ષિક મહોત્સવ સાથે વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું સુંદર આયોજન આગામી મંગળવાર તારીખ ૧૬ મે ના રોજ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ધી પ્રેસિડેન્ટ સ્કુલ ખાતે મંગળવારે યોજવામાં આવેલા "સંબંધોના સરવાળા" કાર્યક્રમ અંતર્ગત વિવિધ બાબતે વિદ્યાર્થીઓ તથા સંલગ્ન વ્યક્તિઓનું સન્માન કરવામાં આવશે. આ ઉપરાંત ધોરણ ૧૦ અને ૧૨ પછી શું?, બાળકોનો સર્વાંગી અને ગુણવત્તાસભર વિકાસ કઈ રીતે થાય ? આ બાબતે તજજ્ઞો દ્વારા મનોમંથન સાથે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવશે. આ સાથે યોજવામાં આવેલા સન્માન સમારંભમાં પત્રકારિતા ક્ષેત્રે યોગદાન આપનારા અગ્રણી પત્રકાર કુંજનભાઈ રાડિયાનું ખાસ અભિવાદન પણ કરવામાં આવશે. આ પ્રસંગે રાજકોટના જાણીતા ડો. મેહુલભાઈ રૂપાણી (ડાયરેકટર, વર્ચ્યુઅલ વિદ્યાપીઠ, એમ.ડી. લેવલનેક્સ્ટ પ્રોજેક્ટ - રાજકોટ) જાણીતા ભાગવત આચાર્ય શાસ્ત્રીજી ભાવેશભાઈ આરંભડીયા, શિક્ષિત યુવાન અને રાજકીય અગ્રણી મયુરભાઈ ગઢવી, ઓર્થોપેડિક સર્જન ડો. અમિતભાઈ નકુમ તેમજ રાજકોટના જાણીતા મોટીવેશનલ સ્પીકર હર્ષદભાઈ પરમાર ખાસ ઉપસ્થિત રહેશે. આ આયોજનમાં સહભાગી થવા પ્રબુદ્ધ નાગરિકો તેમજ વિદ્યાર્થીઓને શાળાના મુખ્ય સંચાલક માહીસર દ્વારા અપીલ કરવામાં આવી છે.

### વિશ્વમાં ૨૦૦ થી વધુ દેશો છે

# દુનિયાના ૮ એવા દેશ જ્યાં મુસ્લિમ વસ્તી હોવા છતાં કોઈ મસ્જિદ બનાવી શક્યું નથી

નવી દિલ્હી, તા.૧૫

ફ્રાન્સ અને ઈટાલી વચ્ચે સ્થિત મોનાકો વિશ્વનો બીજો સૌથી નાનો દેશ છે. મોનાકો યુરોપ મહાદ્વીપનો એક નાનકડો દેશ છે, જે ટેક્સ ફ્રી દેશ હોવાની સાથે તેની વૈભવી જીવનશૈલી અને કેસિનો માટે પ્રખ્યાત છે. વિશ્વના અન્ય કોઈપણ દેશ કરતાં તેની માથાદીઠ કરોડપતિઓ વધુ છે. જો કે અહીં તમામ ધર્મના લોકો રહે છે, પરંતુ અહીં માત્ર ચર્ચ છે અને અન્ય કોઈ ધાર્મિક સ્થળો નથી. અહીં મુસ્લિમો પણ રહે છે. કેટલાક પ્રખ્યાત અને શ્રીમંત મુસ્લિમો પણ રહે છે. જો કે અહીં કોઈ મસ્જિદ નથી. તેમ જ નજીકના ભવિષ્યમાં બનવાની કોઈ શક્યતા પણ નથી.



વેટિકન સિટી યુરોપ ખંડમાં સ્થિત એક દેશ છે, જે પૃથ્વી પરનો સૌથી નાનો દેશ છે. આ રોમન કેથોલિક ચર્ચનું કેન્દ્ર છે, જે ખ્રિસ્તી ધર્મના મુખ્ય સંપ્રદાય છે. તેનો વિસ્તાર માત્ર ૪૪ હેક્ટર (૧૦૮.૭ એકર) છે. તે ઈટાલીના રોમ શહેરમાં સ્થિત છે. આ પોપ, તેના સર્વોચ્ચ નેતાનું નિવાસસ્થાન છે, અહીંથી તેઓ વિશ્વભરના કેથોલિક ચર્ચોને નિયંત્રિત કરે છે અને તેમના માટે નીતિઓ બનાવે છે.વેટિકન સિટીના વિશ્વના તમામ દેશો સાથે રાજદ્વારી સંબંધો છે. વેટિકન સિટીમાં ન તો અન્ય કોઈ ધર્મના લોકો રહી શકે છે અને ન તો કોઈ ધાર્મિક સ્થળ બનાવી શકે છે. દક્ષિણ અમેરિકામાં સુરીનામ પછી ઉરુગ્વે બીજો સૌથી નાનો દેશ છે. ઉરુગ્વે એ દક્ષિણ અમેરિકાના દક્ષિણપૂર્વ ભાગમાં સ્થિત એક દેશ છે. દેશની લગભગ ૩.૫ મિલિયનની વસ્તીમાંથી, ૧.૧ મિલિયન રાજધાની મોન્ટેવિડિયો અને તેના મેટ્રોપોલિટન વિસ્તારમાં રહે છે. દેશની ૮૮-૯૪% વસ્તી યુરોપિયન અથવા મિશ્ર જાતિની છે. ઉરુગ્વેમાં રાજકારણને ધર્મથી સંપૂર્ણપણે અલગ રાખવામાં આવે છે.વેટિકન સિટી યુરોપ ખંડમાં સ્થિત એક દેશ છે, જે પૃથ્વી પરનો સૌથી નાનો દેશ છે, આ રોમન કેથોલિક ચર્ચનું કેન્દ્ર છે અહીં હિન્દુ અને મુસ્લિમ સહિત અનેક ધર્મના લોકો રહે છે. અહીં લગભગ ૧૦૦૦ મુસ્લિમો રહે છે. જેઓ બ્રાઝિલની સરહદની નજીક આવેલા શહેર ચુએમાં રહે છે, કેટલાક મુસ્લિમો રિવેરા, અર્ટિગાસ અને મોન્ટેવિડિયોમાં રહે છે. મોન્ટેવિડિયોમાં ત્રણ ઈસ્લામિક કેન્દ્રો છે, કોઈ મસ્જિદ નથી. પરંતુ મુસ્લિમો ફક્ત આ કેન્દ્રોમાં પૂજા કરે છે. સાઓ ટોમ અને પ્રિન્સિપે મધ્ય આફ્રિકામાં એક ખૂબ જ નાનો પ્રજાસત્તાક દેશ છે. અહીં મુસ્લિમો વસે છે પરંતુ બહુ ઓછી સંખ્યામાં. અહીં પોર્ટુગીઝ બોલાય છે. ખ્રિસ્તીઓ પુષ્કળ પ્રમાણમાં છે. તે એક સમયે પોર્ટુગલનો ગુલામ દેશ હતો. ૧૯૭૦ પહેલા અહીં મુસ્લિમો નહોતા. બાદમાં મુસ્લિમ શરણાર્થીઓ અહીં સ્થાયી થવા લાગ્યા, જેઓ પડોશી દેશો નાઈજીરીયા અને કેમરૂનથી આવ્યા હતા. તો પણ અહીં તેમની વસ્તી ૧૦૦૦થી ઓછી છે. અહીં કોઈ મસ્જિદ નથી. મુસ્લિમો ખુલ્લામાં ગમે ત્યાં નમાઝ પઢે છે. એસ્ટોનિયામાં મુસ્લિમોની વસ્તી ઘણી ઓછી છે. ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ, ત્યાં ૧૫૦૮ મુસ્લિમો રહેતા હતા, એટલે કે ત્યાંની વસ્તીના માત્ર ૦.૧૪ ટકા હતા. જો કે અત્યાર સુધીમાં તેમાં ખાસ્સો વધારો થયો હશે. જો કે અહીં કોઈ મસ્જિદ નથી. જો કે, ત્યાં ચોક્કસપણે એક ઈસ્લામિક કલ્ચરલ સેન્ટર છે જ્યાં મુસ્લિમો સામાન્ય રીતે પ્રાર્થના માટે ભેગા થાય છે. સામાન્ય રીતે સુન્ની ટાટર્સ અને શિયા અઝેરી મુસ્લિમો અહીં રહે છે, જેમણે એક સમયે રશિયન સેનામાં સેવા આપી હતી.

# શ્વાનની સેવા માટે પોતે નિ:સંતાન રહ્યા પતિ પત્ની

## જો કે તેઓ પોતાના વ્યવસાયિક કામ કરતા પોતાના જીવ દયા અને શ્વાન પ્રેમના કારણે વાપીમાં જાણીતા છે, મહિને ૩.૫ લાખ ઘરના ખર્ચે છે

નવી દિલ્હી, તા.૧૫

છેલ્લા કેટલાક સમયથી રખડતા પશુઓ અને રખડતા શ્વાન તંત્ર સહિત લોકો માટે માથાનો દુખાવો સાબિત થઈ રહ્યા છે. રહેણાક વિસ્તારોમાં રખડતા શ્વાનોના ત્રાસ અને વસ્તી વધતી અટકાવવા સરકાર દ્વારા અનેક પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જોકે સરકારી સેવાથી પણ વિશેષ કરીને વાપી નું એક યુવા દંપતિ શેરીઓમાં રખડતા અને નિરાધાર ઈજાગ્રસ્ત થયેલા સ્વાનોની પાછળ પોતાની જિંદગી ખપાવી રહ્યું છે. આ શ્વાન પ્રેમી યુવા યુગલ શ્વાનોને જ પોતાના સંતાનો માની જિંદગીભર પોતાના બાળકો ની જેમ લાલન પાલન કરી અને આશરો આપી રહ્યું છે. આજે આપને બતાવીએ કોણ છે આ સેવાભાવી દંપતી? જેમણે પોતાની આખી જિંદગી રખડતા શ્વાનો ના નામે કરી દીધી છે. આ યુવા યુગલ છે નિલેશ રાયચુરા અને શીતલ રાયચુરા. બંને વાપીમાં



જાણીતું નામ છે. અને નિલેશ રાયચુરા અને શીતલ બેન બંને સુશિક્ષિત છે. શીતલ બેને ફેશન ડિઝાઈનીંગ માં કારકિર્દી શરૂ કરી હતી. તો નિલેશ રાયચૂરા બિલ્ડીંગ અને કન્સ્ટ્રક્શનમાં વ્યવસાય પસંદ કર્યો હતો. જો કે તેઓ પોતાના વ્યવસાયિક કામ કરતા પોતાના જીવ દયા અને શ્વાન પ્રેમના કારણે વાપીમાં જાણીતા છે. કારણ કે આ યુવા દંપતીએ પોતાની આખી જિંદગી શેરીઓમાં રખડતા અને નિરાધાર બની ગયેલા અને અકસ્માતે અંધ અપંગ કે જિંદગીભર ની ખોડ ખાપણ વાળા શ્વાનોની સેવા પાછળ જ પોતાનો જીવનને ન્યોછાવર કર્યુ છે. તેઓની આ શ્વાન અને જીવ દયા પ્રેમની હદ તો ત્યાં આવી છે જ્યાં તેઓએ વાપી નજીક અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે પર સોનાની લગડી સમાન જમીન ખરીદી અને ૧૩ વર્ષ અગાઉ ટીંકુ મેમોરિયલ ટ્રસ્ટ નામે એક સંસ્થા સ્થાપી હતી. જ્યાં આ યુવા દંપતિ વાપી સહિત સમગ્ર વલસાડ જિલ્લાના કોઈપણ ખૂણે ઘાયલ અને અસસક્ત થઈ જતાં શ્વાનો ને લાવી અને તેની સેવાચાકરી કરી અને આશરો આપે છે. જોકે આ ટીંકુ મેમોરિયલ સંસ્થાની સ્થાપના પાછળ પણ તેમનો શ્વાન પ્રેમ ઉજાગર થાય છે. કારણ કે લગ્નજીવન પહેલા શીતલ રાયચુરાને ગટરમાંથી એક શ્વાનનું બચ્ચું મળ્યું હતું .જેની લાલન પાલન કરી અને તેનું નામ ટીંકુ રાખ્યું. અને ટીંકુ નામ થી જ તેઓએ આ સંસ્થા શરૂ કરી જ્યાં આજે રસ્તે રખડતા અને જિંદગીભરની ખોડ ખાપન વાળા શ્વાનોને નવું જીવન બક્ષી રહ્યા છે. રાયચુરા યુવા દંપત્તિએ સ્થાપેલા આ ટીંકુ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્વાન શેલ્ટર માં આજે ૧૭૦ થી વધુ ઈજાગ્રસ્ત, રોગીષ્ટ અને જિંદગીભરની ખોડ ધરાવતા શેરી માં રખડતા શ્વાનોને આશરો આપ્યો છે. તેઓ ન માત્ર વાપી પરંતુ સમગ્ર વલસાડ જિલ્લાના કોઈપણ ખૂણે થી કોઈ શ્વાન ને અકસ્માત થયો છે કે કોઈ શ્વાન જિંદગીભર માટે અપંગ થયું છે કે કોઈ રીતે મુશ્કેલીમાં છે તો આ શ્વાન પ્રેમી દંપતી પોતાના સ્વ ખર્ચે તે શ્વાનને પોતાના આ શેલ્ટર હોમમાં લાવે છે.

# હજ ફલાઈટ ઈન્ડિગો-સાઉદીની બે એરલાઈનને ફાળવવા નિર્ણય

નવી દિલ્હી, તા.૧૫

આર્થિક સંકટમાં ફસાયેલી એરલાઈન્સ ગો ફર્સ્ટ દ્વારા દેશના ૧૦ શહેરોમાં સંચાલિત કરાતી હજની ફલાઈટને સરકારે ઈન્ડિગો એરલાઈન તથા સાઉદી અરબની બે એરલાઈન કંપનીઓને ફાળવી દેવાનો નિર્ણય કરાયો છે. એક વરિષ્ઠ અધિકારીએ આ માહિતી આપી હતી. આ નિર્ણય રોકડ સંકટ સામે ઝઝૂમી રહેલી ગો ફર્સ્ટ અંગેની અનિશ્ચિતતાઓને ધ્યાનમાં રાખીને લેવાયો છે. કંપનીએ ૩મેના રોજ તેની તમામ ફલાઈટ રદ કરી દીધી હતી. બજેટ એરલાઈન કંપનીની સ્વૈચ્છિક રીતે દેવાળીયું જાહેર કરવાની અરજીને પણ નેશનલ કંપની લો ટ્રિબ્યુનલે સ્વીકારી લીધી છે. દેશના ૧૦ શહેરોમાં સંચાલિત ગો ફર્સ્ટ આર્થિક સંકટમાંરોકડ સંકટ સામે ઝઝૂમી રહેલી ગો ફર્સ્ટ અંગેની અનિશ્ચિતતાઓને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો ગો ફર્સ્ટ સંકટને ધ્યાનમાં રાખીને ચર્ચા કર્યા બાદ નાગરિક ઉડ્ડયન મંત્રાલયે પવિત્ર હજ યાત્રા માટે એ ફલાઈટોને ફરીથી ફાળવવાનો નિર્ણય કર્યો છે જે આ કંપની દ્વારા સંચાલિત થવાની હતી. એક અધિકારીએ જણાવ્યું કે ગો ફર્સ્ટ દ્વારા દેશના ૧૦ શહેરોમાંથી ફલાઈટોનું સંચાલન થવાનું હતું અને હવે આ ફલાઈટોનું સંચાલન ઈન્ડિગો અને સાઉદી અરબની એરલાઈન્સ સાઉદીયા અને ફલાઈડિયલ દ્વારા કરાશે.



ચુંટણીમાં હારના કારણો શોધવાના હોય જીતના નહિં !



વેકેશન ભલે પડી ગયું, આવી ગરમીમાં ફરવા જવાની જીદ કરી ગરમી ન બતાવ !

# માણાવદરની ડો. અખેડની "ક્રિષ્ના હોસ્પિટલ" ખાતે વાતાવરણની એલર્જી અને માનસિક રોગથી પીડાતા દર્દીઓનો યોજાયેલ ફ્રી નિદાન કેમ્પ

## જૂનાગઢના ડો. ચિંતન યાદવની "આસ્થા હોસ્પિટલ"ના સહયોગથી માણાવદર ખાતે ડો. અખેડની ક્રિષ્ના હોસ્પિટલમાં યોજાયેલ ફ્રી નિદાન કેમ્પ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૫

જૂનાગઢની આસ્થા હોસ્પિટલના ડો. ચિંતન યાદવની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, માણાવદર ખાતે ડો. અખેડની ક્રિષ્ના હોસ્પિટલ છેલ્લા ઘણા વર્ષોથી કાર્યરત છે. અને માણાવદર તથા તેના આજુબાજુ તાલુકાઓના દર્દીઓને ફ્રીમાં નિદાન કરી આપે છે. આ હોસ્પિટલમાં રોજના અંદાજીત ૧૦૦ જેટલા દર્દીઓ પોતાનુ નિદાન કરાવી સુખાકારી પ્રાપ્ત કરે છે. આ વિસ્તારના લોકોની લાગણી અને માગણીને ધ્યાનમાં રાખીને જૂનાગઢના ડો. ચિંતન યાદવની "આસ્થા હોસ્પિટલ"ના સહયોગથી ડો. સૌમ્યા સી. યાદવ (એમ.ડી. પલ્મોનોલોજીસ્ટ અને એલર્જી સ્પેશિયાલિસ્ટનાં નિષ્ણાંત) તથા ડો. હિમા એ. પોપટ (એમ.ડી. સાઈકિયાટ્રી, માનસિક તથા મગજના રોગના નિષ્ણાંત) દ્વારા ડો. અખેડની "ક્રિષ્ના હોસ્પિટલ" રમેશ પેટ્રોલ પંપની સામે, સિનેમા ચોકની આગળ, જૂનાગઢ રોડ, માણાવદર. ખાતે તારીખ ૧૪/૫/૨૩ ને રવિવારના રોજ સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધી મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ચામડીની એલર્જી તથા શીળશ, આંખમાં ખંજવાળ અને લાલાસ, સતત ઉધરસ આવવી, સતત વહેતું નાક, છીંક આવવી, સહિત મગજના રોગો જેવા કે સતત માથાનો દુ:ખાવો, આધાશીશી, વિચાર વાયુ, ગભરામણ, મગજ કામ ન કરવું, ડર કે ભઈ, સ્વપ્નદોષ, મંદબુદ્ધિ સહિતના રોગોનુ ફ્રીમાં નિદાન કરી સારવાર આપવામાં આવેલી હતી. આ કેમ્પમાં ઉપસ્થિત લોકોને ડો. અખેડ દ્વારા વર્તમાન સ્થિતિની ગરમી અને આગામી દિવસોમાં શરૂ થનાર પ્રીમોન્સૂન (ચોમાસા)ની સીઝનમાં લોકોએ પોતાના આરોગ્યની સાર સંભાળ કેવી રીતે રાખવી એ અંગેનું માર્ગદર્શન પુરૂ પાડેલ હતું. આ કેમ્પનો બહોળી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# બિલખા પંથકમાં ધોળા દિવસે યુવાન ઉપર દિપડાએ હુમલો કરતાં લોકોમાં ભયની લાગણી

## જંગલખાતાની ઘોર બેદરકારીનાં કારણે દિપડા માનવભક્ષી બન્યા



(સુલ્તાન ચૌહાણ દ્વારા) બિલખા તા. ૧૫

બિલખા તેમજ આસપાસનાં ગ્રામ્ય પંથકમાં છેલ્લા ઘણા સમયથી દિપડાઓ ધોળા દિવસે આવીને પશુઓનાં મારણ કરતા હતાં. અને આ અંગે અનેક લોકોએ જંગલખાતાને દિપડાએ ગામમાં આવવાની ફરીયાદ કરેલ છે. પરંતુ જંગલખાતા દ્વારા ઉડાઉ જવાબ અને ઉડાઉ કામગીરી કરવામાં આવે છે. જેનાં પરીણામે દિપડાઓ માનવભક્ષી બનવા લાગ્યા છે. આનો ભોગ નિર્મળભાઈ વાળાની વાડીમાં વર્ષોથી વસવાટ કરતો મજુર પરીવાર બન્યો છે.

આ બનાવની વિગત એવા પ્રકારની છે કે બિલખા સીમ વિસ્તારમાં બગસરા રોડ ઉપર આવેલ ખેતરમાં છેલ્લા ઘણા વર્ષોથી મારવાડી પરીવાર રહીને મજુરી કામ કરે છે. ગઈકાલે ધોળા દિવસે બપોરે ૩ વાગ્યે દિપડો આવી રહયો હતો અને નારણ બાબુભાઈ મારવાડી નામનાં યુવાન ઉપર હુમલો કરતાં તેનાં ભાઈઓ પ્રકાશ વિગેરેએ વચ્ચે પડી દિપડાને ભગાડયો હતો. જેમાં દિપડા સાથેની આ ફાઈટમાં નારણ અને પ્રકાશ ગંભીર રીતે ઘાયલ થતાં બિલખા સિવીલ હોસ્પીટલમાં લઈ આવતાં વધુ સારવાર માટે તાત્કાલીક જૂનાગઢ રીફર કરેલ છે. આ અંગે સૌરાષ્ટ્ર ભૂમિનાં પત્રકાર સુલ્તાનભાઈએ જંગલખાતાનાં કર્મચારીઓ સાથે વાત કરતા જણાવેલ કે અમો શું કરીએ? તો શું દિપડાઓ માનવભક્ષી બનીને હુમલો કરવા લાગે ત્યારે જંગલખાતાની કોઈ જવાબદારી નથી. આવા ઘોર બેદરકાર કર્મચારીઓ ઉપર તંત્ર દ્વારા કડક પગલા ભરવામાં નહી આવે તો ભવિષ્યમાં દિપડાઓ દ્વારા માણસો ઉપર હુમલા કરવા સામાન્ય બની જશે. જે હોય તે પરંતુ જંગલખાતા દ્વારા આ મજુર પરીવારને આર્થિક વળતર આપવામાં આવે એ જનહીતમાં રહેશે. જોઈએ જંગલીપણું ધરાવતા જંગલખાતા દ્વારા આ મજુર પરીવારને વળતર આપવમાં આવશે કે નહી? આમેય વિશેષ આ મજુર પરીવારે દિપડા સાથે જંગ કરતા દિપડો ભાગીને ખેતરમાં આવેલ ફરજામાં ઘુસી ગયો હતો ત્યારે આ પરીવારે દિપડાને ફરજામાં બંધ કરીને જંગલખાતાને જાણ કરતા બાદમાં અંને હિન્દી ફિલ્મની જેમ જંગલખાતાની જંગલી કર્મચારીઓએ પુરલા દિપડાને પાંજરામાં પુરીને લઈ જઈ કામગીરી કર્યાનો સંતોષ માન્યો હતો.

# જૂનાગઢમાં ટ્રાફિક જવાનોને કાળઝાળ ગરમીમાં છાશનું વિતરણ કરી માનવતાનું શ્રેષ્ઠ કાર્ય કરતું મીડીયા મિત્ર મંડળ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ શહેરમાં બારેમાસ જનતા માટે ટ્રાફિક સમસ્યાઓ નિયમન કરતા ટ્રાફિક જવાનોને જૂનાગઢ મિડિયા મિત્ર મંડળ દ્વારા ગરમીમાં રાહત મળે તેવા ઉત્કૃષ્ઠ ભાવથી શહેરના કાળવા ચોક, તળાવ દરવાજા, આઝાદ ચોક જેવા અલગ અલગ સ્થળોના ટ્રાફિક પોઈન્ટ ઉપર ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું. આમ તો ટ્રાફિક જવાનો ચોક્કસથી આજુબાજુના ઠંડાપીણા સ્ટોલમાંથી પોતાને ગરમીમાં રાહત થાય તે માટે ઠંડાં પીણાં ખરીદતા હોય છે, પણ દયાના એક ઉમદા વિચારોને શ્રેષ્ઠતમ કાર્યમાં નિરૂપણ કરવા માટે સમાજમાં અનેક સારા કાર્ય થતા હોય છે. તેવું જ એક કાર્ય આજ રોજ મીડિયા મિત્ર મંડળના સાગરભાઈ નિર્મળ, યજ્ઞેશભાઈ ભટ્ટ, હરેશભાઈ દવે, રવીન્દ્રભાઈ કંસારા, ધર્મેશભાઈ સોઢા, ભાવિનભાઈ કે દવે, રમેશભાઈ રાઠોડ, પરેશભાઈ બુદ્ધભટ્ટી, અશોકભાઈ પોપટ દ્વારા તન, મન, ધનથી આ શ્રેષ્ઠ કાર્ય કરવામાં આવેલ હતું. સેવાના આ કાર્યની ટ્રાફિક જવાનોએ ખૂબ સરહાના કરી આ પત્રકાર મિત્રોનો આવા તડકામાં પણ પોતાનો વિચાર કર્યા વગર સેવા કાર્ય કરવા બદલ આભાર માની અભિવાદન કર્યું હતું.

# કર્ણાટકની જીતને જૂનાગઢમાં કોંગ્રેસ દ્વારા ફટાકડાની આતશબાજી સાથે મનાવાઈ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૫





કર્ણાટકની સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષને બહુમતી મળ્યા બદલ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના હીરાભાઈ જોટવાની સૂચના અને માર્ગદર્શનથી જૂનાગઢ જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતભાઈ અમીપરાએ મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો સાથે પૂજ્ય મહાત્મા ગાંધીની પ્રતિમાને સુત્તરની આંટી પહેરાવીને તેજીતને ગાંધીચોક જૂનાગઢ ખાતે ફટાકડા ફોડીને ઉત્સાહથી વધાવી આ પ્રંસગે જૂનાગઢ જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિના આગેવાનો વી.ટી. સીડા, મનસુખભાઈ ડોબરીયા, યુગભાઈ પુરોહિત, કુંદુસભાઈ મુન્શી, પ્રતાપભાઈ ભરાડ, રાણાભાઈ રબારી, કારાભાઈ મેર, યાસીનભાઈ સીડા, મનોજભાઈ જોષી, હરસુખભાઈ આહીર, વાસવાણીભાઈ, કેશુભાઈ ઓડેદરા, પ્રકાશભાઈ પુરોહિત, પંકજભાઈ ભરડા, નટુભાઈ ખીચડા, હિમેનભાઈ ધોળકિયા, આવિદભાઈ ચૌહાણ, ગાંડુભાઈ ઠેસીયા, બિપીનભાઈ ટુંમ્મર, ભગીરથભાઈ બારડ, સારદાબેન કશીરિયા, ડો. વર્ષાબેન રાદડિયા, સાબેરાબેન બુખારી, ટીકુબેન વિગેરે કાર્યકરો અને આગેવાનો હાજર રહ્યા હતા.

# આગામી બુધવારે પૂજ્ય શ્રી મૂકતાનંદજી બાપુનો પ્રાગટ્ય દિન નિમિતે રકતદાન કેમ્પ : રકતતુલા યોજાશે




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૫

જીવ સેવા એ જ પ્રભુ સેવા ના ભેખધારી આ સંત ના પ્રાગટ્ય દિવસ ઉપર રક્તદાન કેમ્પ અને પૂજ્ય બાપુની રક્તતુલાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. શ્રી પ્રેમાનંદ વિદ્યા મંદિર ખાતે તા.૧૭-૫-૨૦૨૩ બુધવારે સવારે ૧૦ થી ૨ દરમ્યાન રકતદાન કેમ્પ તેમજ બપોરે ૩:૩૦ કલાકે પૂ. બાપુની રકતતુલા કરવામાં આવશે. આ કાર્યક્રમનું આયોજન શ્રી રાજગોર બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા સમસ્ત બ્રહ્મ યુવા સંગઠનના સહયોગ થી થઈ રહ્યું છે. આ રક્તદાનના કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# વેરાવળના આંબલિયાળામાં ખેતરમાંથી પસારથી ૧૧ કેવીની લાઈનમાં શોર્ટ સર્કિટના લીધે નાળિયેલીનો પાક ખાક થયો





(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ તા.૧૫

વેરાવળમાં આંબલિયાળા ગામએ આવેલ ખેતર ઉપરથી પસારથી ૧૧ કેવીની લાઈનમાં ગતરાત્રીના અચાનક શોર્ટ સર્કિટ થતા અમુક નાળિયેલી સંપુર્ણ બળીને ખાખ થઈ ગયેલ જયારે અમુકમાં આંશીક નુકસાન પહોંચ્યુ હતુ. જેના કારણે વર્ષો સુધી ઉછેર કરીને મોટી નાળિયેલી કરનાર ખેડુતની મહેનત ઉપર પાણી ફરવાની સાથે લાખોનું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. વેરાવળના આંબલિયાળા ગામના સીમ વિસ્તારમાં ગોવિંદ પૂંજાભાઈ બારડના ખેતરમાં નાળિયેલી ઉછેરેલ છે. ત્યારે ગતરાત્રીના અગીયારેક વાગ્યા આસપાસ ખેતર ઉપરથી પસારથી ૧૧ કેવીની વીજ લાઈનમાં શોર્ટ સર્કિટ થતા તણખા ઝરેલ હતા. જેના લીધે અમુક નાળિયેલીમાં આગ લાગી જતા ધીમે ધીમે આજુબાજુની અન્ય નાળિયેલીઓને પણ ઝપટમાં લઈ લીધી હતી. એ સમયે ખેતરે જ રહેતા ખેડૂત તથા આસપાસના લોકોએ દોડી જઈ કુવામાંથી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં કરવા પ્રયત્ન હાથ ધરેલ જેમાં દોઢેક કલાકની જહેમત બાદ કાબુ મેળવાયો હતો. જો કે ત્યાં સુધીમાં આગની ઝપેટમાં આવવાથી અમુક નાળિયેલીઓ સંપૂર્ણ ખાખ થઈ ગયેલ તો અમૂકમાં આંશિક નુકસાન પહોચ્યું હોવાનું ખેડૂતે જણાવેલ છે.

# ગીર-સોમનાથના લાટીમાં ગૌચરની જમીન ઉપરના માથાભારે શખ્સોના ગેરકાયદેસર દબાણો ખુલ્લા કરાવવા માંગ

## ગ્રામજનોની માંગણી સંદર્ભે ગૌચર ખુલ્લુ કરાવવા માટે દોઢ માસ પૂર્વે ટીડીઓએ તલાટી મંત્રીને આદેશ કરેલ જેનો પણ આજદીન સુધી અમલ ન થતા લોકોમાં રોષ

(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ તા.૧૫

ગીર સોમનાથ જિલ્લાના લાટી ગામે વાયરલેસ તથા પરિશ્રમ ક્રિકેટ ગ્રાઉન્ડની પાછળ તથા આસપાસની ગૌચર સરકારી જગ્યા ઉપર માથાભારે શખ્સો દ્વારા ગેરકાયદેસર રીતે દબાણો કરી અંગત ઉપયોગ કરી રહ્યા છે. જે ખુલ્લી કરાવવા માટે ગામના જાગૃત નાગરીકએ જિલ્લા કલેકટર, ડીડીઓ સહિતનાને અઢી માસ પૂર્વે લેખીત રજુઆત કરી હોવા છતાં આજદીન સુધી કોઈ નક્કર કાર્યવાહી તંત્ર દ્વારા કરવામાં આવી નથી. જયારે આ દબાણો દુર કરવા કાર્યવાહી કરવા માટે દોઢ માસ પૂર્વે ટીડીઓએ પણ તલાટી મંત્રીને લેખિત આદેશ કરેલ હોય જેનો પણ હજુ સુધી અમલ ન થતા ગ્રામજનોમાં રોષની લાગણી પ્રવર્તેલ છે. સોમનાથના લાટી ગામના હમીર કરશનભાઈ બારડ, માલદે કાળાભાઈ સોલંકી સહિતના જાગૃત નાગરીકો દ્વારા અઢી માસ પૂર્વે કરાયેલ લેખીત રજુઆતમાં જણાવેલ કે, લાટી ગામમાં વ્યાપક ગૌચરની જમીનો આવેલી છે તે પૈકી વાયરલેસ સ્ટેશનની પાછળ તથા પરિશ્રમ કિકેટ ગ્રાઉન્ડની પાછળ આવેલ મોટી ગૌચરની જમીનો ઉપર માથાભારે શખ્સો દ્વારા ગેરકાયદેસર રીતે કબ્જો કરી લઈ જમીનમાં ખેતી કામ કરી રહ્યા છે.

આ માથાભારે શખ્સો દ્વારા ગૌચરની જમીન આસપાસ આવેલ હયાત મુખ્ય તથા આંતરીક રસ્તાઓ પણ દાદાગીરીથી બંધ અને સાંકડા કરી દીધેલ છે. જેના લીધે ગ્રામજનોને મુશ્કેલી પડી રહી છે. ત્યારે આ બાબતે સ્થળ ઉપર તપાસ કરી ગૌચરની જમીનો અને રસ્તાઓ ખુલ્લા કરાવવા અંતમાં માંગણી કરી છે. જયારે આ રજુઆત સંદર્ભે સુત્રાપાડાના ટીડીઓ દ્વારા તા.૨૦-૩-૨૩ના રોજ લાટીના તલાટી મંત્રીને લેખિત પત્ર પાઠવીને ગૌચર ઉપરનું દબાણ ખુલ્લુ કરાવવા કાર્યવાહી કરવા આદેશ કરેલ છે. જેનો આજે દોઢ મહિને પણ અમલ નથી. ત્યારે લાટીના તલાટી વિપુલભાઈ સાથે વાતચીત કરતા તેઓએ જણાવેલ કે, મૈ હમણાં જ ગામનો ચાર્જ સાંભળ્યો છે એટલે આગામી દિવસોમાં બેઠક બોલાવી દબાણકર્તાઓને નોટીસ આપી ખાલી કરાવવાની કાર્યવાહી કરવામાં આવશે.

## :: અવસાન નોંધ/બેસણું ::



આત્મા કદી જન્મતનો નથી કે મૃત્યુ પામતો નથી. જે નાશ પામે છે તે શરીર છે આત્મા આજીવન સાશ્વત અને અમર છે, ઈશ્વર આપનાં દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

ઔ. ઝા. શાપુર નિવાસી હાલ જૂનાગઢ રમણીકભાઈ ધીરજલાલ રાવલ (ઉ.વ. ૮૪) (રીટા મે.સુ.) તે અશ્વીનભાઈ (વાસુ) વિનાયક ઈલેકટ્રીક, કેતનભાઈ રાવલ (એસટીટીસી જૂનાગઢ), માલતીબેન વાય. જોષી (રાજકોટ), અલ્કાબેન બી. મહેતા (જામનગર), પારૂલબેન આર. જોષી (જૂનાગઢ)નાં પિતા, નિરવભાઈ (કેનેડા), જયદીપભાઈ, અંકિતાબેન, શ્વેતાબેનનાં દાદી તા. ૧૩-૫-૨૩ શનિવારનાં રોજ કૈલાશવાસી થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૫-૫-૨૩ સોમવારનાં રોજ કલ્યાણનગર કોમ્યુનીટી હોલ, બહાઉદીન કોલેજ સામે, જૂનાગઢ ખાતે સાંજે ૪ થી ૬ કલાકે રાખવામાં આવેલ છે. અશ્વીનભાઈ-૯૮૨૫૩ ૬૨૨૬૫, કેતનભાઈ-૯૬૬૨૦૫૭૧૦૦.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : સ્વ. લીલાવંતીબેન મુળશંકર જોષી (ઉ.વ. ૭૭) નિવૃત પીએસઆઈ જૂનાગઢ તે મુળ બોટાદ નિવાસી હાલ જૂનાગઢ સ્વ. હરીકૃષ્ણ નાનાલાલ મહેતાનાં ધર્મપત્ની, હિતેશભાઈ, સંધ્યાબેનનાં માતા, જીતેન્દ્રકુમાર વ્યાસનાં સાસુમાં, મોનાબેન, અજય (સાંનિપની), ભાર્ગનાં દાદી, પૂજા, શ્રીકાંતકુમાર વ્યાસનાં નાનીમાં તા. ૧૪-૫-૨૩નાં રોજ હરીશરણ પામ્યા છે. સદગતનું બેસણું તા. ૧૮-૫-૨૩ ગુરૂવારનાં રોજ સાંજે ૫ થી ૬, ઓમકારેશ્વર મહાદેવનાં મંદિર, દિપાંજલી-૨, ટીંબાવાડી જૂનાગઢ ખાતે રાખેલ છે.

# દીવ પોલીસે દીવ મ્યુનસિપલ કોર્પોરેશનના હોદેદારોની કારમાંથી દારૂ ઝડપી લીધો

(નિરવ ગઢિયા દ્વારા) ઉના તા.૧૫

દીવમાં છેલ્લા ઘણા સમયથી દારૂનું લાખો રૂપિયાનું વેચાણ ગુજરાતમાં સપ્લાય કરવાનું બંધ જ નથી થતું. જેમાં દીવ પોલીસની મીઠી નજર હેઠળ ગુજરાતમાં દારૂનો જથ્થો ઠલવાય રહ્યો હોવાનું નકારી ના શકાય પરંતુ તા.૧૩-૫-૨૦૨૩માં મોડી રાત્રે દીવ નાકે દીવ પોલીસ અધિકારી દ્વારા ડીએમસીના હોદેદારની કારમાં લગભગ ૭૦થી વધુ પેટી દારૂની હોવાની બાતમી દીવ પોલીસને મળેલ હોવાથી ગાડીનું ચેકીંગ દરમ્યાન દારૂનો જથ્થો સામે આવેલ અને ગલ્લા તલ્લા કરવાનું કોશિષ કરેલ જયારે પોલીસે ફોન ઉપાડવાના અને પત્રકારના ફોન ઉપાડવાના બંધ કરેલ અને માહિતી યેનકેન પ્રકારે ઉડાડવાની સમસ્યા કરેલ પરંતુ છેલ્લા ઘણા સમયથી દીવના ભાજપના હોદેદારો નેજ દીવ ઘોઘલામાંથી દારૂ અપાતો હોવાનું મનાય રહ્યું છે. જ્યારે આ ગાડીમાં અવડો મોટો દારૂનો જથો ક્યાં બહાર વાળાએ આપેલ અનેકોને દારૂ પોચડવાનો હતો ? દીવ મ્યુનસિપલ કોર્પોરેશનના હોદેદારના પુત્રની ધરપકડ થશે કે રાજકીય લાગવગ કરી અને રફા દફા થય જશે? ઘોઘલામાંથી ભારત બાર અને નીતા બાર જેવા અમુક નામ ચિન્હ બારમાંથી અમુક ચોક્કસ લાગવગ ધરાવતા બુટલેગર નેજ માલ આપવામાં આવે છે જ્યારે એમના નામ ક્યારેય ખુલતા નથી અને દીવ પોલીસ દારૂ રોકવાની કામગીરીમાં વ્યસ્થ રહે છે કે પછી એકસાઈઝ ડિપાર્ટમેન્ટ રોકડી કરવામાં માહિર છે. સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ દીવ પોલીસ રોકડી કરવામાં માહિર હોવાનું નકારી ના શકાય.

# યાત્રાધામ દ્વારકા જગત મંદિરે કાળિયા ઠાકોરને સોનાનો મુગટ અર્પણ કરાયો





(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૧૫

રાજકોટ નિવાસી ભૂપતસિંહ જાડેજા જેઓ ગ્રીન વૂડ ઈન્ટરનેશનલ સ્કૂલના ટ્રસ્ટી છે. જાડેજા પરિવારે એક સાથે આવી અંદાજિત ૨૫૦ ગ્રામ જેટલા વજનનો સોનાનો મુગટ અર્પણ કરાયો છે.

# મેખડી ગામે ઘાયલ થયેલા મોરને સારવાર અપાઈ



(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૧૫ : માંગરોળ તાલુકાનાં મેખડી ગામે શ્વાને મોર પક્ષીને પગમાં ગંભીર ઈજાગ્રસ્ત કરેલ હોય જાણીતા સર્પવિદ નાગાભાઈ એ પશુ, પક્ષીઓ, પર્યાવરણ માટે સતત પ્રયત્નશીલ સંસ્થા સંજીવની નેચર ફાઉન્ડેશનને જાણ કરી ટીમ મક્તુપુર નિરંતર ગૌસેવકો મુકેશભાઈ ધોડાદ્રા, રણજીતભાઈ પરમાર, દીપભાઈ વાઢેર દ્વારા સારવાર માટે લાવવામાં આવેલ. નરેશભાઈ ગોસ્વામીએ પ્રાથમિક સારવાર આપી વધું સારવાર માટે માંગરોળ વનવિભાગને સોપવામાં આવેલ હતો.

